Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ
ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા
વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"

વર્ષ ૪૦ મું. ] વૈશાખ–સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [ અંક ૨ જો.

## વીરાની વર્ષગાંઠ.

જય જય ગરવી ગુજરાત—એ રાગ.

વીરા ! તુજ જન્મ દિવસ છે આજ,
પરમ સદ્ભાગી જૈન........સમાજ;
ચિરાયુ થા ભારતમાં............રાજ,
નવલાં નિત્ય ધરી શુભ........સાજ......... વીરા ! ૧

વીરકથિત ગહન સિદ્ધાન્તો, અણુગણુ ને અણમૂલ,
સ્પષ્ટપણે પ્રતિદિન જગતને, સમજાવ્યા વિણભૂલ,
ખરી તુજ અંતરમાં વસી દાઝ
જીવન સૌનાં ઉદ્ધારણ કાજ............ વીરા ! ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાસ કંઈ દિવ્ય કટોરા, સુધાભર્યાં ઝળકિત;
મન ગમતાં ચીડકાં તું પાતો, પોષણીઆ સસકિત.

શૂરા માસિક તણો શિરતાજ
તરી જલધિ જવાનું આજ................ વીરા ! ૩.

પૂર્ણ પ્રતાપ પ્રકાશ પ્રભાકર, પૃથિવીમાં પ્રસરો;
પ્રભુપ્રેમના પંથ પાન્થનાં, પાતીકડાં પ્રજળો.

સદા નીતિ ધર્મનાં ગીત ગાજ,
હૃદય ભર ભક્તિનાંજ અવાજ............ વીરા ! ૪.

ધન્ય સફળ તુજ જીવન બાપુ ! કરતાં શાશનસેવ;
તુજ ઉપદેશ અમીની ધારા, મુક્તિપુરીના મેવ.

યશસ્વી ધાર ધર્મધ્વજાજ,
સદા શૂરવીરમાં તું છાજ................ વીરા ! ૫.

શ્રી જૈન ધર્મ પ્રકાશ ચંદ્રસમું સદા અવિચળ રહો,
વાંચક રસિલા તુજ સુમનમાંથી સદા પરિમળ લહો;
શ્રદ્ધા હીણા તુઝ બોલ ઝીલી પાપ પંકથી ઉદ્ધરો,
સુંદર ધવળ યશ જગતમાં જળ તૈલબિંદુ જ્યું વિસ્તરો. ૬.

સુંદરલાલ ડાહ્યાભાઈ શાહ.

## જીવને ઉપદેશ.

(ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો—એ રાગ)

ચેતન તું તો ચેતજે, આખર મરવું છે સાર;
મારૂં મારૂં કરી મેળવ્યું, તારૂં નથી તલ ભાર. ચેતન૦ ૧
મોટા મોટા લોદ્ધા મળ્યા, થયા ઘોડેસ્વાર;.......
સર્વ છોડી જવું એકલા, સાથે નહિ આવનાર. ચેતન૦ ૨
મહેલ મોટા ને હવેલીઓ, મોટાં મોટાં દરબાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાડી ગાડી ને દીકરા, પાછળ સબ રહેનાર. ચેતન૦ ૩
પ્રભુપૂજા ને ભક્તિમાં, નહીં દ્રવ્ય દેવાય;
ભૂખ્યાને અન્ન આપતાં, જીવ મ્હારો કંપાય. ચેતન૦ ૪
પુન્યમારગમાં ખરચતાં, જીવ ઘણો રે મુંઝાય;
નાટક વેશ્યાના નૃત્યમાં, ધન ઘણું ખરચાય. ચેતન૦ ૫
લગ્ન મરણના કાજમાં, ધન ખરચવાં સ્હેલ;
પુન્ય મારગના કામમાં, મારૂં નામજ મેલ. ચેતન૦ ૬
એવું જાણીને ચેતજે, ચેતો ચેતન ભાઈ!
સર્વ છોડી જાવું એકલા, તારૂં છે નહિ કાંઈ. ચેતન૦ ૭
આળ પંપાળ સર્વે મજ્યું, સાચો દેવ દયાળ;
જીવણ કહે કરજોડીને, ભવ પાર ઉતાર. ચેતન૦ ૮

**જીવનલાલ રાયચંદ. બનેડા.**

## बोधदायक दोहरा.

વિદ્યા પહેલી વય વિષે, બીજી વયમાં ધન;
ગ્રહ્યો ન ધર્મ ત્રીજી વયે, નિષ્ફળ ખોયું તન[1]. ૧.
સાઠ વરસનું માનવી, જો વિદ્યા ન ભણેલ;
બાળબુદ્ધિ તેહમાં હશે, થશે નહીં સુધરેલ. ૨.
જે જેને અભ્યાસ નહિ, તે તેને નહિ સ્વાદ;
અંધા આગળ આરસી, બહેરા આગળ નાદ. ૩.
સિંહમૂછ[2] ભોરગમણિ[3], કૃપણ દ્રવ્ય સતી નાર;
જીવ ગયે પરકર જશે, પડ પાસા પોબાર. ૪.
પાન સડે ઘોડા અડે[4], વિદ્યા વિસર જાય;
અંગારે રોટી જળે, કહો ચેલા કિમ થાય?[5] ૫.
ભૂલ થઈ કે ચેતવું, એજ ખરો ઉપાય;
ભૂલ્યો ત્યાંથી ગણ ફરી, જેથી ભૂલ દેખાય. ૬.

૧ જીંદગી. ૨. સિંહની કેશવાળી. ૩ સર્પના માથાનો મણિ. ૪ હઠ કરે-હઠે
૫ ઉત્તરન્ન ફેરવવાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત વિત્યું આવે છે, જાણે સહુ જન બુધ;
તેને જ્યમ ત્યમ કાપવો, દુઃખરૂપ ગણે અબુધ. ૭.
સિંહ ગમન પુરૂષ વચન, ફળ ફળે એક વાર;
ત્રિયા તોરણ[1] ને હમીરહઠ, ચડે ન દુજી વાર. ૮.
જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય;
જ્ઞાની ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોય. ૯
આશા દૂર દેખાય છે, મૃગજળ તેજ સમાન;
મિથ્યા છે એમ જોઇને, થા ન નિરાશ નિદાન. ૧૦
વિપત્તિ વરામી આણુ છે, સૌ જાણે સંસાર;
શોધે તેને સાંપડે, બુદ્ધિરત્ન ભુલહાર..... ૧૧

સંગ્રાહક—ચુનીલાલ સૌભાગ્યચંદ. ડીસા.

# જૈન યુવક પરિષદને સૂચના.

ભાવનગરમાં મળનાર જૈન યુવક પરિષદના સહૃદય સભ્યોપ્રત્યે સમયોચિત સૂચના ગર્ભિત સંદેશો પાઠવનાર—સન્મિત્ર કર્પૂરવિજયજી.

જૈન યુવક પરિષદ[2] ચૈત્રી પૂર્ણિમા ઉપર ભાવનગરમાં મળવાની છે, તે પ્રસંગે તેના કાર્યવાહકો તરફથી કંઇક હિતસૂચના લખી મોકલવા પ્રેરણા થવાથી મને જે સમયોચિત સ્ફુરણા થઇ છે તે સૂચવું છું.

આપણા જૈન યુવકોનું સંમેલન બહુજ ઉદાર ભાવનાથી કોઇ એક સુશિક્ષિત અને ઉત્તમ સંસ્કારવાળા મહાશયના અધ્યક્ષપણા નીચે થવું જોઇએ, એવી મારી ઘણા વખતની ભાવના બની રહી હતી તથા હું પોતે તેવા પ્રસંગે હાજર રહી યથાશક્તિ તેમાં ફાળો આપી શકું એવી અંતરની ઇચ્છા હતી, છતાં અત્યારે તેમ બનવું મુશ્કેલ લાગે છે. ફક્ત તેમાં સક્રિય ભાગ લેવા સારૂ ભેગા થયેલા સભ્યોને કંઇક સંદેશ રૂપ બે વચન પાઠવીને મારે સંતોષ પકડવો પડશે એમ લાગે છે.

૧ સ્ત્રી—કન્યા એકવારજ તોરણે જાય. પોંખાય—પરણે. ૨ હાલ આ પરિષદ મુલતવી રહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ વર્ષમાં એક વાર અથવા બે વાર સુયોગ્ય સ્થળે જૈન યુવકોનું સંમેલન નિયમિત રીતે બંધારણ સર મળી શકે એવી ગોઠવણ કરવી અને ફરી મળવાના સમય સુધીમાં કરવા યોગ્ય કાર્યની રૂપરેખા નક્કી કરી તેનો અમલ કરવા સૌએ પૂરતી ખંત રાખવી.

૨ આરંભે શૂરાપણાનું આપણા પરનું કલંક ભુંસી નાંખવું.

૩ આપણામાં જે જે પ્રકારની ખામીઓ હોય તે શોધી કાઢવી અને તે દૂર કરવા તન મન ધનથી સતત્ ઉદ્યમ કરવો.

૪ બીજામાં જે જે સદ્‌ગુણો જણાય તે સંકોચ વગર આદરવા ખપ કરવો અને તેવા સદ્‌ગુણોની ઘટતી પ્રશંસા કરવાનું ભૂલવું નહીં.

૫ તથાવિધ વ્યવહારિક, નૈતિક ને ધાર્મિક જરૂરી કેળવણીની રહેલી ખામીથી આપણામાં જ્યાં ત્યાં કલેશ-કુસંપ પ્રસરેલો જોવાય છે તે દૂર કરવા અને સુસંપ સ્થાપવા ભગીરથ પ્રયત્ન કરવો.

૬ 'કહેવા કરતાં કરી દેખાડવું ભલું' એ ન્યાયે હવે નકામી મોટી મોટી વાતો કરીને છુટા પડવાની પડેલી કુટેવને તિલાંજલી આપીને જે કામથી આપણું ચોક્કસ હિત થાય તે કરવા મંડી જવું.

૭ શકય ને હિતકારી કાર્ય પ્રમાદ તજી જાતે કરવું, કરનારને બનતી મદદ કરવી અને તેની ઘટતી પ્રશંસા કરવી; પરંતુ નિંદા-ટીકા તો કદાપિ કરવી નહીં.

૮ જૈન-શ્રાવક યોગ્ય આચાર વિચારથી સારી રીતે વાકેફગાર થવું અને સૌએ સુશ્રદ્ધા રાખી તેનું સેવન સાવધાનપણે કરવું.

૯ ખરા જૈનને છાજે એવા આચાર વિચારની ગંભીર ખામીથી આપણી નિંદા (ટીકા) થવા પામતી હોય તે તત્કાળ સુધારી દૂર કરી દેવી.

૧૦ આપણા દરેકનું જીવન સાદું ને સંયમી બને તેવા ઉપાય શોધવા, અને જાતે તેનો આદર કરી, બીજાને માટે ખરો દાખલો બેસાડવો.

૧૧ દરેક યુવકે સ્વજીવનનિર્વાહ નીતિવાળા પ્રમાણિક વ્યવસાયવડે કરી લેવા દૃઢ નિશ્ચય કરવો અને તેમાંથી પ્રાણાન્તે પણ ચળવું નહીં.

૧૨ સત્ય ને હિત મિત વચન જ બોલવાની સૌએ આદત પાડવી.

૧૩ કુટુંબમાં ને નાત-જાતમાં કલેશ-કુસંપ વધે નહીં પણ ઘટે તેમ ડહાપણથી જાતે વર્તવું અને બીજાઓને તેવીજ પ્રેરણા કરવી.

૧૪ ખોટો ઠઠારો-આડંબર કરવાની લાંબા વખતની ટેવ સૌએ તજી દેવી.

૧૫ ખાનપાનમાં ને પોશાકમાં જે જે દોષો જાણ્યા છતાં સેવાતા હોય તે સઘળા હવે ચીવટ રાખીને તરતજ દૂર કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ શુદ્ધ સ્વદેશી વસ્તુઓના ચુસ્ત હિમાયતી થવું મુગ્ધ જનોની જેમ ગાડરીયા પ્રવાહના કાંડી ઢીલા થવું નહીં. સાચી વસ્તુને પકડવી અને પ્રાણાન્તે પણ તજવી નહીં.

૧૭ અહિંસા, સત્ય, અસ્તેય ને બ્રહ્મચર્યાદિક સદ્વ્રતોનું સ્વરૂપ યથાર્થ જાણવા જરૂર ખપ કરવો અને સાએ શક્તિ મુજબ તેનું પાલન પણ કરવું. જેમ જયકારી જૈનધર્મનો ખરો ફેલાવો થાય તેમ તન મન ધનથી પ્રવર્તવું. ઇતિશમ્.

## ભેદ ભાવ મીટાવી સૌએ અભેદ ભાવ–સુસંપથી રહેતાં શીખવું જોઇએ.

( લેખક—સ. ક. વિ. )

જિન–અરિહંત–વીતરાગદેશિત ધર્મ–માર્ગ એટલો બધો વિશાળ–ઉદાર છે કે તેનો ગંભીર આશય સમજતાં સૌ કોઇ તેને અનુસરી શકે, અને તેને યથાર્થ ભાવે અનુસરનાર સહુ કોઇનો તેમાં સમાવેશ થઇ શકે. એટલે તે સહુ સાધર્મી–સમાનધર્મીજ લેખાય. તેમ છતાં અત્યારે કહેવાતા જૈનોમાં જ્યાં ત્યાં ભેદભાવ–કુસંપ કેમ દેખાય છે? અભેદ ભાવ–સુસંપ કેમ જણાતો નથી? તેનું ખરૂં કારણ અજ્ઞાન–ધર્મમાર્ગનું યથાર્થ જાણપણું નહીં એજ સંભવે છે.

આમ હોવાથી જીવોને ઉન્માદ–સ્વચ્છંદ યા આપખુદ વર્તન કરવાનું ગમે છે. રાગ દ્વેષ ને મોહાદિક દોષ માત્રને તજી, ખાસ સમભાવ આદરવા જિનેશ્વર પ્રભુએ ભવ્યજનોને દરેક પ્રસંગે બોધ આપેલ છે, તે તરફ કોઇક વિરલા જ્ઞાની જનોજ લક્ષ રાખતા હોય છે. બાકીના બીજા તો નિજ નિજ છંદે, બહુધા રાગ દ્વેષને મોહની પ્રબળતાથી ચાલતા રહે છે. આથીજ જ્ઞાતિ ધર્મ વિગેરેમાં અનેક તડાં પડે છે ને તે વધતાંજ જાય છે.

એમાંથીજ કલેશ–કુસંપનો કાળો કેર પ્રવર્તે છે. ખરા જ્ઞાની શ્રદ્ધાળુ જૈન તેવા કલેશ–કુસંપને મીટાવવા અને સંપ–શાન્તિ સ્થાપવા ઇચ્છે છે, તેમજ તેવી સુંદર ભાવના સાથે સુંદર પરિણામ લાવવા કોશીષ પણ કરે છે, પરંતુ જ્યાં સુધી સામામાં રાગ દ્વેષ ને મોહાદિકનું જોર અતિ ઘણું હોય છે ત્યાં સુધી તેનું તેવું સુંદર પરિણામ આવી શકતું નથી, પણ તેથી નીરાશ થઇ બેસવાનું નથી. સહુએ વીતરાગ પ્રભુના ઉપદેશનો મર્મ સમજી લઇ, ઉન્માર્ગ તજી, સન્માર્ગ જાતે આદરવા, બીજા બધી ભવ્યજનોને તે સમજાવવા અને જે કોઇ સજ્જનો સન્માર્ગે ચાલતા હોય તેનું અનુમોદન કરવા ચૂકવું નહીં. એવા સતત લક્ષ સાથે ખંત ભરી પ્રયત્નથી અવશ્ય આપણામાં અત્યારે વ્યાપી રહેલા ભયંકર કલેશ–કુસંપને દુઃખનો પણ અંત આવશે તથા સુખ શાન્તિ પ્રસરશે. ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૧૩ મૌન—અષ્ટક.

૧ જે સકળ (હેયોપાદેય-હિતાહિત) તત્વને યથાસ્થિત જાણે તેવા જ્ઞાની મહાત્મા મુનિ કહેવાય છે. તેવો મુનિભાવ એજ શુદ્ધ કારક સમ્યકત્વ અને એજ ખરો મુનિભાવ જાણવો.

૨ આત્મા પોતેજ પોતામાં રહેલું શુદ્ધ સ્વરૂપ જેવડે જાણે જુવે છે તેજ આ મુનિસંબંધી રત્નત્રયમાં જ્ઞાન દર્શન અને ચારિત્રની એકતા જાણવી.

૩ શુદ્ધ નિશ્ચયદૃષ્ટિથી મુનિને આત્મરમણતા ( સ્વરૂપ સ્થિરતા ) જ્ઞાન દર્શન અને ચારિત્રની સાર્થકતા છે. અને વ્યવહાર દૃષ્ટિથી દોષનિવૃત્તિરૂપ ક્રિયાના સેવનવડે તેની સાર્થકતા લેખાય છે.

૪–૫ જો નજરે જોયા છતાં મણિ લેવા પ્રવૃત્તિ થાય નહીં તેમજ તેનું ફળ મેળવી શકાય નહીં, તો તેમના સંબંધી જ્ઞાન તેમજ શ્રદ્ધા યથાર્થ લેખાય નહિ. તેવી રીતે જે થકી શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કે દોષનિવૃત્તિ રૂપ ફળ થવા ન પામે તે જ્ઞાન અને દર્શન સાર્થક લેખી શકાય નહિ.

૬ જેવું સોજાથી થયેલું પુષ્ટપણું અને વધ કરવા લાયકને સારાં વસ્ત્ર અલંકાર પહેરાવવાં નકામા—નિષ્પ્રયોજન છે, તેવોજ આ સંસારનો અજ્ઞાનજનિત ઉન્માદ લેખી તત્ત્વવેદી મુનિ ક્ષણિક પદાર્થોમાં રતિ અરતિ તજી, સમભાવમાં ઝીલતા સતા સહજ સંતોષી થઇને રહે છે.

૭ કેવળ વચન નહીં ઉચ્ચારવારૂપ મૌન તો એકેન્દ્રિય જીવોને વિષે પણ જાણી જોઇ શકાય છે. પરંતુ પરપુદ્ગલ (પરભવ) ને વિષે મન વચન કાયાની ધતી પ્રવૃત્તિ આટોપી લેવા રૂપ મૌનજ સર્વોત્તમ ફળસાધક એટલે કલ્યાણકારી છે.

૮ દીવાની જ્યોતિની જેવી જેની સઘળી ક્રિયા જ્ઞાન( પ્રકાશ )થી ઝળકતી છે, તેવા શાન્ત—સમભાવી મહાશયનુંજ મૌન સર્વોત્તમ છે, જડ મુગ્ધ કે કપટીનું વચનમાત્રને નહીં ઉચ્ચારવારૂપ મૌનમાત્રથી કશું વળતું નથી. આત્માનું કલ્યાણ તો અસદ્ વૃત્તિઓ કે વાસનાઓના સંયમથીજ સધાય છે.

ઇતિશમ્ ( સ. ક. વિ. )

For Private And Personal Use Only

## ૧૪ વિદ્યા—અષ્ટક.

૧ અનિત્ય, અશુચિ, અને પુદ્ગલિક વસ્તુઓમાં નિત્ય, શુચિ–પવિત્ર અને પોતાપણાની બુદ્ધિ તેજ અવિદ્યા (અજ્ઞાન) અને વસ્તુને વસ્તુગતે યથાર્થ લેખવી (ઓળખી લેવી) તેજ વિદ્યા (સમ્યગ્જ્ઞાન) યોગાચાર્યોએ વખાણેલ છે.

૨ જે આત્માને નિત્ય–શાશ્વત–અવિનાશી અને પર–પુદ્ગળસંબંધને અનિત્ય–અસ્થિર–કારમો અંતરથી લેખે છે, સમજે છે, તે જ્ઞાનીનો પરાભવ મોહ રૂપ ચોરટો કરી શકતો નથી.

૩ વિચક્ષણ હોય તે લક્ષ્મીને જળતરંગ જેવી ચંચળ, જીવિતને પવન જેવું અસ્થિર અને શરીરને બાદળા જેવું ક્ષણવિનાશી લેખી તેમાં મુંઝાઇ જતો નથી.

૪ શુક્ર–રજ (વીર્ય–રૂધિર) રૂપ અશુચિ વસ્તુસંબંધથી પેદા થનારા તથા ગમે તેવા શુદ્ધ ખાનપાન વસ્ત્ર પ્રમુખને અશુદ્ધ–મલીન કરી નાંખનારા દેહવિષે જળ વિગેરેથી પવિત્ર થવાનો ભ્રમ મૂઢજનોને ભારે આકરો હોય છે, જ્ઞાનીને એવો ભ્રમ સંભવતો નથી.

૫ સમતા–કુંડમાં સ્નાન કરી, પાપ–મેલને પખાળી જે ફરી પાપથી ખરડાતો નથી તે અંતરાત્મા કે વિવેક–આત્મા ખરેખરો પવિત્ર થયેલો સમજવો.

૬ શરીર, ધન કે ઘર–હાટ પ્રમુખમાં મારાપણાની બુદ્ધિ એ એક એવું વિલક્ષણ બંધન છે કે તે બીજાને બાંધવા જતાં–પોતાના કરવા જતાં, પોતેજ બંધાઈ પરવશ થઇ જાય છે.

૭ સંયોગ સંબંધથી મળેલા પદાર્થો પોતપોતાનો સ્વભાવ કદાપિ તજતા નથી. એવો ચમત્કાર શુદ્ધ જ્ઞાનપરિણામવડે જ્ઞાની પુરૂષજ અનુભવે છે. જેમ જડ વસ્તુ પોતાનો સ્વભાવ ન તજે તેમ ચેતન–આત્મા પણ પોતાનો સ્વભાવ ન તજે એ નિયમજ છે.

૮ જ્ઞાનરૂપી અંજન (આંજણ) વડે અજ્ઞાનરૂપ તિમિર રોગ ટળ્યે છતે યોગી પુરૂષો પોતાનામાંજ પરમાત્મ સ્વરૂપને લેખે–અનુભવે છે.

[illegible] (સ. ક. વિ.)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મનુષ્ય જાતને માટે માંસભોજન અસ્વાભાવિક હોઇ સુજ્ઞજનોએ તે અવશ્ય છાંડવા યોગ્ય છે.

વાઘ વરૂ જેવા વિકરાળ જાનવરો માંસભોજી જોવા-જાણવામાં આવે છે. તેમનું શરીર બંધારણથી વિલક્ષણ લાગે છે. શ્વાનાદિક હિંસારી પ્રાણીની પેરે એ વિકરાળ જાનવરોની જીભ બહાર પડતી લટકતીજ રહે છે અને એમાંથી ખહુધા લાળ પડતી-ટપકતી રહે છે. તેવું કશું ચિન્હ મનુષ્યજાતિમાં જોવા-જાણવામાં આવતું નથી. એ આદિ અનેક જાતની વિલક્ષણતાને લીધે મનુષ્યજાતિને માટે માંસભોજન એ ખરો સ્વાભાવિક ખોરાક નથી, પરંતુ મુખ-આકૃતિઆદિક અનેક રીતે મળતા આવતા **વાનર** પ્રમુખની જેમ **વનસ્પતિખોરાક** જ તેને માટે ખાસ બંધબેસતો હોવાથી યોગ્ય અને ફાયદાકારક છે. વિકરાળ જાનવરોની જેમ જંગલમાં વસનારા કઇંક જંગલી માણસો માંસ ઉપર રહેતા હોય છે, પરંતુ તેવા સ્વાભાવિક ખોરાકથી તેમનામાં અન્ય માંસાહારી જાનવરોની જેમ ક્રૂરતાદિક કઇંક દોષ-વિકાર પેદા થતા હોવાથી માંસભોજન સામાન્ય રીતે મનુષ્યજાતને માટે હિતરૂપ કે ફાયદાકારક લેખી શકાય નહિ; પણ અયોગ્ય, પ્રકૃતિવિરૂદ્ધ ને હાનિકારકજ લેખી શકાય. તે સુજ્ઞજનોએ તો અવશ્ય તજવા યોગ્યજ છે.

આરોગ્યને, બળ શકિતને અને બુદ્ધિ પ્રમુખ ગુણની રક્ષા ને વૃદ્ધિ કરવામાં પણ માણસ જાતિને વનસ્પતિનો ખોરાકજ માંસના ખોરાક કરતાં અનેક ગણો ચઢીયાતો છે, એમ જૂદે જૂદે સ્થળે માંસાહારી પ્રજામાંજ એક બીજાના ગુણદોષની ખાત્રી કરવા થયેલા અખતરાઓ ઉપરથી સિદ્ધ થયેલ છે. છ માસ સુધી વનસ્પતિ ખોરાક ઉપરજ રાખેલાં માણસો એટલોજ વખત માંસ ભોજન ઉપર રહેલાં કરતાં બળ બુદ્ધિ વિગેરે ગુણમાં ઘણાંજ વધી ગયાં અનુભવાયા-જાહેર થયા છતાં જે કોઇ રસલોલુપતાથી માંસાહાર તજી શકતા નથી, તેઓ કોઈક વખત ઓચિંતાજ જીવલેણ વ્યાધિઓથી સપડાઇ જાય છે, અને ખુવાર ખુવાર થઈ મરતા સંભળાય છે.

આ તો આ લવમાંજ પ્રગટ થતી ખુવારીની વાત થઇ; પરંતુ પુનર્જન્મને માનનારા ગમે તે આસ્તિક ભાઇબ્હેનોએ તો માંસભોજનથી અહીંજ પ્રગટ થનારા અનેક પ્રકારના અસહ્ય નુકશાન ઉપરાંત પરભવમાં થતી દુર્ગતિ પ્રમુખની ભારે યાતનાઓથી ખાસ ડરીને તેનાથી બચવાનું છે. જીવિત સહુને વ્હાલું લાગે છે અને મોતથી સહુ કંપે છે એ સત્ય છે, તેમ જીવતા પ્રાણીનો વધ કર્યા વગર કંઈ માંસ નિપજતું નથી, તો ક્ષણિક-કલ્પિત સુખને અર્થે એવા માંસનું ભોજન કરવું-કરાવવું તે અત્યંત વિરૂદ્ધ છે. જીવહિંસા કરાવવી તે બહુ ભારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... કર્યું છે. જેમનું માંસ નિર્દયતાથી કાપવામાં આવે છે તેનો પ્રાણઘાત કરતાં તેને પારાવાર અશાતાનો ઉદય થાય છે. તેમાં પ્રગટ કે પરોક્ષ જેનો જેનો હાથ હોય છે તે સહુને તેનું તુરંત કટુક ફળ ભોગવવુંજ પડે છે. એમ સમજી જે ...જનો એવા અકાર્યથી વિરમશે તેઓ બેશક સુખી થશે. ઇતિશમ્ (સ. ક. વિ.)

# ચાર પ્રકારના ધર્મનો રમુજી સંવાદ.

પવન મંદ મંદ વહી રહ્યો છે. ભગવાન સવિતાનારાયણ પોતાના લાલ ... તિક્ષ્ણ કિરણો પૃથ્વી ઉપર ફેંકી તે દ્વારા તેની લાલ સાડી ખેંચી રહ્યો છે. મંદિરોમાં ઘંટાના રણકાર થઇ રહ્યા છે. સાધુઓ પોતાની પ્રાતઃક્રિયામાંથી નિવૃત્ત થઈ અભ્યાસની ધૂન મચાવી રહ્યા છે, તે વખતે મોક્ષમાર્ગના મુખ્ય ...ના સરખા દાન, શિયળ, તપ, અને ભાવ–એ ચારે જણા એક ખુલ્લા મેદાનમાં કે જ્યાં નજીકમાં ત્રિલોકના નાથ શ્રી જિનેશ્વર દેવ શોભી રહ્યા છે ત્યાં એકઠા થઇ પોતપોતાના યશોગાન ગાતા હતા. યશોગાન ગાતાં ગાતાં આત્મશ્લાઘા ... આવી ગયા અને છેવટે વાદવિવાદ પણ શરૂ થયો. વાદવિવાદનું મુખ્ય કારણ ... પોતાને મોટાઇ વ્હાલી હતી તે હતું. તેઓ દરેક માનતા હતા કે મારૂં ...માં ઉચ્ચ સ્થાન છે, અને બીજા કરતાં પોતામાં વધારે ગુણો સત્તા અને ... છે. તેમાંથી—

**પોતાની શ્રેષ્ઠતા સ્થાપન કરવા માટે પ્રથમ દાન કહે છે કે—**

જગતમાં દરેક જીવને મુક્તિમાર્ગે જવામાં મુખ્યતયા હુંજ કારણ ... છું. બાકી શિયળ, તપ કે ભાવ, તમે બધા મારા સહચારી છો, મારા સિવાય કોઇ જીવમાં તાકાત નથી કે તે સિધો મોક્ષે જઇ શકે. આ વિશ્વમાં મારી સત્તા પ્રભાવ કે પ્રતિભાનું સ્થાન બીજા બધાં કરતાં કોઇ અનેરૂંજ છે.

( તે સાંભળી શિયળ બોલ્યો–)

**શિયળ**—અરે ભાઈ દાન ! જો હું ન હોઉં તો ગમે તેવી સારી આબરૂ-વાળા મનુષ્યની આબરૂ પણ કોડીની છે. ભલે મનુષ્ય ગમે તેટલું દાન આપે પરંતુ જો હું ન હોઉં તો તેનો પ્રભાવ, મહત્ત્વતા અને યશ ઓછાં થઇ જાય છે. પંડિત કે મૂર્ખ, તવંગર કે ગરીબ, રાજા કે રંકને પણ મારી ખાસ જરૂર પડે છે ...થી તેથીજ તેની મહત્તા અને પ્રભાવ તપે છે. ( તે સાંભળી તપ બોલ્યો– )

**તપ**—અરે ભાઇ દાન અને શિયળ ! તમારા બંને જણા કરતાં હું મ્હોટો છું. જો કદી હું ન હોઉં તો કોઇ પણ જીવ મોક્ષે ન જઇ શકે, જીવને ગમે ત્યારે ... તપશ્ચર્યા તો કરવીજ પડે, ... ... ... ... કે ... ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવી મારી અનન્ય ભાવથી સેવા આદરે છે. મનુષ્યનાં ગમે તેવાં કઠિણ કર્મો હોય તેનો પણ મારા પ્રભાવથી નાશ થાય છે. માટે મુકિતમાર્ગનું મુખ્ય-શ્રેષ્ઠ કારણ હુંજ છું. (તે સાંભળી ભાવ બોલ્યો—)

**ભાવ**—અરે ભાઈઓ! તમે ફોગટની ધમાલ કરો છો. ખરી રીતે તો હુંજ તમારા બધા કરતાં મુખ્ય છું, મારા સિવાય તમે ત્રણે શું કામના છો? જેમ એકડા વિનાના મીંડાં નકામાં છે, તેમ ભાવવિના તમારા ત્રણમાંથી કોઇપણ ફળ આપવા સમર્થ નથી. ભાવ વિનાનું દાન, શિયળ કે તપ એ પૂરેપૂરૂં ફળ આપનાર થતા નથી, બલ્કે નિષ્ફળ થાય છે. (આ પ્રમાણે હકીકત સાંભળી દાન બોલી ઉઠ્યો)

**દાન**—અરે શિયળ, તપ અને ભાવ! તમારા બધામાંથી મારો પ્રભાવ કોઈપણ નથી જાણતું, એટલેજ મારાથી મોટા થવા ઇચ્છો છો; પરંતુ તમે જ્યારે મારો પ્રભાવ સાંભળશો, ત્યારે તમારા બધાનું માન ગળી જશે. જુઓ!

**શાલિભદ્ર** જેવા ભોગી પણ મારા પ્રભાવથીજ ચૌદ રાજ ઉચ્ચ સ્થાને ધ્રુવના તારા સમાન શોભી રહેલ ઉત્તમ સ્થાન પામ્યા છે. એ તો ત્રણ જગતમાં સુપ્રસિદ્ધ હકિકત છે. આવો મારો અદ્દભૂત પ્રભાવ છતાં તમે મારાથી મોટા થવા શા માટે મથો છો? (દાનનાં ગર્વભર્યાં વચનો સાંભળી શિયળ કહે છે—)

**શિયળ**—અરે દાન! તું ખોટી બડાઇ શાને કરે છે, તેં જ્યાં સુધી મારો પ્રભાવ નથી સાંભળ્યો, ત્યાં સુધીજ તું તારાં ગર્વભર્યાં વચનો બોલે છે; પરંતુ જ્યારે તું મારી સત્તા-પ્રભાવ સાંભળીશ કે તરત બોલતો બંધ થઈ જઈશ. મારા પ્રભાવથી કદી પણ નહિ બનેલા એવાં કાર્યો થયાં છે અને થાય છે.

**સુદર્શન શેઠ**ને શૂળીનું સિંહાસન થયું એ પણ મ્હારોજ પ્રતાપ છે, મારી ઉપાસના કરનાર યદિ મેરૂ ચલાયમાન થાય, સમુદ્ર મર્યાદા મૂકે, સહસ્રરશ્મિ કદી પશ્ચિમમાં ઉગે, છતાં મારી સેવા નથી મૂકતો અને અન્તે મારી સેવાથી ત્રણે જગતમાં પ્રસિદ્ધિને પામે છે. કામીઓના માનરૂપ હસ્તિનું મર્દન કરનાર, રૂપમાં અપ્સરા સરખી કોશાવેશ્યા અને તે પણ હાવભાવ પ્રેમ અને મદથી મદમાતી પોતાની દૃષ્ટિ સન્મુખ હોવા છતાં, વર્ષાઋતુ હોવા છતાં, અનેકવિધ વિલાસોની સામગ્રી હોવા છતાં, પણ રતિપતિનો પરાજય કરી પોતાનો વિજય વાવટો ફરકાવનારા એ **સ્થૂલભદ્ર** વીરને ધન્ય છે. એણે આ જગતમાં ચોરાશી ચોવીશી સુધી પોતાનું નામ અમર રાખ્યું છે. એ પણ મારોજ પ્રતાપ છે. મારાથી મનુષ્યની કીર્તિરૂપી સ્ત્રી ચારે દિશામાં ભમી અમરસ્થાન ભોગવે છે, અને અંતે તે જીવ મોક્ષગામી પણ થાય છે, માટે તમારાં (દાન કરતાં) મારૂં સ્થાન પહેલુંજ આવે તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(દાન અને શિયળનાં ગર્વભર્યાં વચનો નહિ સહન થવાથી તપ બોલ્યો—)

તપ—અરે બંધુ દાન અને શિયળ ! તમારા બન્ને કરતાં મારૂં સ્થાન પ્રથમ છે. મારા પ્રભાવથી જગતમાં અસ્થિર હોય તે સ્થિર થાય છે, વક્ર પણ સરલ થાય છે, ગમે તેવું દુર્લભ કાર્ય પણ સુલભ થાય છે, અને ગમે તેવું દુઃસાધ્ય કાર્ય પણ સુખે સધાય છે. અગ્નિ જેમ લાકડાના ઢગલાને બાળી નાખે છે તેમ અનન્ત ભવોથી દુર્જર કર્મ પણ હું ક્ષણવારમાં ભસ્મ કરૂં છું. બાહ્ય ને અભ્યંતર તપસ્યારૂપી અગ્નિ તપ્યો હોય ત્યારે સાધુઓ દુર્જર કર્મોને ક્ષણવારમાં બાળી નાખે છે.

अणसणमुणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥ १ ॥

ભાવાર્થ—૧ અણસણ, ૨ ઊણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ, અને ૬ સંલીનતા આ છ બાહ્ય તપના ભેદો છે.

पायच्छित्तं विणओ, वेआवच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो विय, अब्भिंतरओ तवो होइ ॥२॥

ભાવાર્થ—પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, અને કાયોત્સર્ગ—આ છ પ્રકારે અભ્યંતર તપ જાણવો. કુમાર્ગે ચડેલા જીવને લાગેલાં પાપ પણ ગુરૂએ આપેલ પ્રાયશ્ચિત્ત કરવાથી ખપે છે. બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયની હત્યા કરનાર પાપી ચંડાળ દ્રઢપ્રહારી જેવા પણ મારી સેવા કરવાથી નરકના અતિથિ બનવાને બદલે મોક્ષે ગયા છે. એવો મારો પ્રબળ પ્રતાપ છે. (તપનાં આવાં તેજસ્વી વચનો સાંભળી ભાવ કહે છે કે—)

ભાવ—અરે દાન, શિયળ, અને તપ ! તમે બધા ખોટો બડબડાટ કરો છો; મારે લીધેજ તમારી મોટાઇ છે. મારી મોટાઇમાંજ તમારી મોટાઇ સમાયેલી છે, મારી શુદ્ધિ, પ્રભાવ અને સત્તામાંજ તમારી શુદ્ધિ, પ્રભાવ અને સત્તા સમાયેલાં છે. મારે લીધેજ મોટાઇને પામેલા તમે મારાથી મોટા થવા જતાં લાજતા પણ નથી ? જેમ આત્મા વિના દેહ, ફળ વિના વૃક્ષ અને પાણીવિના સરોવર શોભતાં નથી તેમ મારા સિવાય (ભાવ વિના) દાન, શિયળ, કે તપ ક્યારે શોભતાં નથી. કહ્યું છે કે—"ઘણું દાન કર્યું, ઘણા શાસ્ત્રો ભણ્યો, ઘણી ઉગ્ર ક્રિયાઓ કરી, દરરોજ ભૂશયન કર્યું, ઉગ્ર તપસ્યાઓ કરી, સારૂં આચરણ આચર્યું, છતાં ચિત્તમાં નિર્મળ ભાવ ન હોવાથી બધું નિષ્ફળ ગયું." મોહના મજબુત પાશલાથી સંસારમાં મજબુત જકડાયેલ અનેક રાજા મહારાજાઓને પોતાને ચરણે નમાવનાર, કેટલાકને ભૂશાયતાં કરનાર, યુદ્ધમાં અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોનો કચ્ચરઘાણ વાળતાં પાછી પાની નહિ કરનાર ભરત ચક્રવર્ત્તિ પણ મારા આશ્રયથી એક ક્ષણવારમાં પ્રલયકાળનાં ઉછળતાં મહોદધિનાં મોજાં સરખાં પાપોનો નાશ કરી, મોહના પાશલાને તોડી નાખી. સંસારસાગરમાંથી નીકળી ઉજ્વળ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. બોલો! એ બધો કોનો પ્રતાપ! મારોજ પ્રતાપ. (શિયળ, તપ, અને ભાવનાં આવાં ગર્વ ભર્યાં વચનો સાંભળી ગંભીરતા ધારણ કરીને ફરીવાર દાન બોલ્યો—)

**દાન**—અરે શિયલ, તપ અને ભાવ! હજી પણ તમે મારા ખરા પ્રભાવથી અજ્ઞાંત લાગો છો, નહીતર તમે મારાથી મોટા થવા કદાપિ ન ઇચ્છત, તથા આત્મશ્લાઘા કરી તમારૂં માહાત્મ્ય ન ઘટાડત. અસ્તુ. હવે મારો પ્રભાવ સાંભળો—પૂર્વે **ધનસાર્થવાહ** સાધુઓને ભક્તિપૂર્વક ઘી વ્હોરાવવાથી આ અવસર્પિણીમાં પ્રથમ તીર્થંકર થયા, એ પણ મ્હારોજ પ્રભાવ સમજી લેવો. અરે ત્રૈલોક્ય પિતામહ શ્રીઆદીશ્વર પ્રભુ જેવા મહાપુરૂષ પણ પોતાનો પવિત્ર હાથ સેલડીના રસને વ્હોરાવનાર **શ્રેયાંસકુમાર**ના હાથ નીચે ધરે એ પણ મ્હારોજ પ્રતાપી પ્રભાવ છે. અરે બીજા કોઇની પણ રંચમાત્ર સહાયવિના મોક્ષમાર્ગે જવા પ્રવૃત્ત થયેલ જીવ પણ દાતારની ઉપેક્ષા ન કરતાં અપેક્ષા રાખે છે. મહાસતી **ચંદનબાળા**એ મુઠી જેટલા અડદના બાકુલા વહોરાવવાથી મોક્ષ લીધું એ કાંઇ જગતથી અજાણ્યું નથી. એમાં પણ મારોજ પ્રભાવ છે. મારા પ્રભાવથી દાન દેનાર દાતાની કીર્તિરૂપી સ્ત્રી પૃથ્વી ઉપર નૃત્ય કરતી ત્રણ લોકમાં ભમીને ઉચ્ચ અને અમર સ્થાનને પામે છે. આવી રીતે બીજા પણ અનેક ભવ્યાત્માઓ દાન આપી પોતાના આત્માને કૃતાર્થ બનાવી ગયા છે. વધારે શું કહું? મારા પ્રતાપથી જીવોને અષ્ટ મહાસિદ્ધિ, નવ નિધિ, સારા ભોગોપભોગ તેમજ આરોગ્યની પણ પ્રાપ્તિ થાય છે.

દાનનો આવો મહિમા સાંભળી બોલવાને તૈયાર થયેલ શિયળ એકદમ ઉતાવળથી બોલ્યો—

**શિયળ**—અરે દાન! તેં તારી બડાઇની ઘણી વાતો કરી, પરંતુ હવે તું મારો પ્રતાપી પ્રભાવ સાંભળ. **સીતા** અને **સુભદ્રા** જેવી મહાન સતીઓએ મારા પ્રભાવથીજ દુઃસાધ્ય કર્મોને પણ સુસાધ્ય કર્યાં છે. અરે સ્વેચ્છાચારી અને કલેશ કરાવનાર **નારદ-મુનિ** પણ મ્હારી શુદ્ધ મને સેવા કર્યાથી મોક્ષગામી થયા અને મારાથી વંચિત રહેલ મહા પ્રતાપી રાવણ જેવો રાજા પણ અંતે બુરી હાલતે અપયશનાં પોટલાં બાંધી રણમાં પડીને મૃત્યુ પામ્યો અને તેની સોનાના ગઢવાળી તેમજ રત્નના કાંગરાવાળી લંકા નગરી લુંટાણી. જગતના જે જીવો શુદ્ધ મનથી મારી ઉપાસના કરે છે તેને માટે કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રફળે જગ જશ વધે, દેવ કરે સાનિધ્ય;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ.

દાન ! બોલ હવે કોનો પ્રતાપ વધે ? વળી જિનેશ્વર પ્રભુએ બીજા કાર્યોનો એકાંત નિષેધ નથી કર્યો, તેમ એકાંત આજ્ઞા પણ નથી આપી; પરંતુ પરમ પૂજ્ય સર્વજ્ઞ પ્રભુએ અબ્રહ્મચર્યનો તો એકાંત નિષેધ કર્યો છે. મારી ઉપાસના કરનાર મનુષ્ય જીતેંદ્રિય થાય છે, જીતેન્દ્રિય થવાથી વિનયી બને છે, વિનયી બનવાથી તેનામાં અન્ય ગુણો આવે છે, તેના ગુણો જોઇ બીજા માણસો ખુશી થાય છે, અને એવી રીતે ખુશી થવાથી તેમને પુણ્યબંધ થાય છે. એ સર્વનો કારણભૂત હુંજ છું, મારો પ્રભાવ બહુ અદ્ભૂત છે, માટે હે દાન, તપ અને ભાવ ! તમે તમારૂં ગુમાન મૂકી દો, અને મને તમારા બધામાં મોટો સ્વીકારો.

દાન અને શિયળના આવાં ગર્વનાં વચનો સાંભળી તપ બોલ્યો—

**તપ**—અરે દાન અને શિયળ ! મારી સત્તા, મારો પ્રભાવ હું તમને આગળ કહી ગયો છું, એટલે પીષ્ટપેષણ નહિ કરૂં, પરંતુ તીર્થંકર દેવને પણ મારી ઉપાસના કરવી પડે છે. પ્રભુ મહાવીરસ્વામીએ પણ કઠીણ કર્મોના ક્ષય માટે મારીજ સેવા કરી ને કઠીન કર્મોને ખપાવ્યાં છે, અને તેથીજ **वीरस्य घोरं तपः** એમ કહેવાય છે. માટે તમારે એવો નિયમ જાણવો કે જ્યાં હું હોઉં ત્યાં મોક્ષ છે, અને જ્યાં હું નથી ત્યાં મુક્તિ નથી.

તપનું આવું ભાષણ સાંભળી ગંભીરતા ધારણ કરીને ભાવ કહે છે—

ભાવ—અરે દાન, શિયળ અને તપ ! હજી પણ તમે મને પૂરા ઓળખતા નથી. મારો પ્રભાવ, મારી મહત્તા અને મારી સત્તા એ તમારા ત્રણે કરતાં ઘણા ઉંચા દરજ્જાની છે, મારી શુદ્ધ મને સેવા કરવાથી વિનાકષ્ટે મોક્ષે પહોંચાય છે. ગમે તેવા પાપી મનુષ્ય પણ શુદ્ધ મનથી મારી ઉપાસના કરે છે તો તેના પ્રબળ પાપના પુંજને એક ક્ષણવારમાં બાળી દઇ હું તેને મોક્ષે પહોંચાડું છું. અરે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા અને સંસારસાગરમાં નટ થઇને નાચતા અષાઢાભૂતિ પણ મુક્તિરૂપી સુંદર સ્ત્રીને પરણ્યા, એ મારો પ્રતાપજ સમજી લેવો. અરે વાંદરાની માફક વાંસ ઉપર નાચતો, અનેકવિધ વૈભવોને લાત મારી એક નટડી ઉપર મોહ પામેલો અને ઘરબાર છોડીને દેશોદેશ ભટકતો ઇલાચીકુમાર પણ મારી શુદ્ધ મને ઉપાસના કરવાથી એક ક્ષણવારમાં મોહના મજબુત પાસને તોડી નાખી કેવળજ્ઞાન પામ્યો. એ મ્હારો પ્રતાપી પ્રભાવ જાણવો. સાતમી નરકનાં દળીયાં મેળવનાર **પ્રસન્નચંદ્ર** રાજર્ષિએ પણ મારી શુદ્ધ મને ઉપાસના કરી—શુદ્ધ ભાવના ભાવવા માંડી, એટલે તેનો [illegible] પાપનો પુંજ શુદ્ધ[illegible]માં નાશ પામ્યો, અને તરતજ કેવળજ્ઞાન પામ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ મારી શુદ્ધિ હોય તોજ જીવોની મુક્તિ થાય છે અને જો મારી અશુદ્ધિ હોય તો કર્મબંધ થાય છે. સર્વ ઠેકાણે મારો ખપ પડે છે. ક્રિયાનો એટલો ખપ નથી પડતો. તેને માટે કંડરીક અને પુંડરીક નો દાખલો પણ બહુ પ્રસિદ્ધ છે

આવી રીતે ચારે જણા પોતપોતાનું સમર્થન કરતા, અંદરો અંદર દાખલા દલીલોથી એક બીજાને મ્હાત કરતા, અને પોતાની મોટાઈ સ્થાપવાને મથતા સર્વજ્ઞ પ્રભુ પાસે ગયા. તે વખતે સર્વજ્ઞ પ્રભુ પોતાની મેઘ સમાન ગંભીર ગર્જના કરતી સુમધુર વાણીદ્વારા ઉપદેશ આપી ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કરી રહ્યા હતા. દાન, શિયળ, તપ અને ભાવ એ ચારે પ્રભુ પાસે જઈને બેઠા અને પોતપોતાની વાત કહી. એટલે પ્રભુએ કહ્યું કે "હે મહાનુભાવ! તમે ચારે મોક્ષમાર્ગના નિબંધન ભૂત છો. તમે આપસમાં વિખવાદ કરી શા માટે દુર્નય થાઓ છો? તમે ચારે જણા મોક્ષના એક સરખા ભાગીદાર છો. તમે ચારે જણા મોક્ષમાં જવાને ઇચ્છતા દરેક જીવને ઓછેવધતે અંશે જરૂરીયાતવાળા છો. તમારામાંથી કોઈ પણ એવો નથી કે જે મોક્ષના કારણભૂત ન હોય, માટે તમે ચારે જણા સંપીને એક થાઓ. જૈનશાસનમાં દરેક નયોને જુદા જુદા પર્યાયને ગ્રહણ કરવાવાળા કહ્યા છે, તે દરેક નયો સાપેક્ષ છે, અને જ્યારે તે પરસ્પર નિરપેક્ષ થાય છે, ત્યારે તે દુર્નય કહેવાય છે.

जोगे जोगे जिणसासणम्मि, दुःक्खक्खया पउञ्जन्ते ॥
इक्किक्कम्मि अणन्ता, वट्टन्ता केवली जाया ॥

"જૈન શાસનમાં દુઃખના ક્ષય માટે હરકોઈ યોગવડે પૂરતો પ્રયત્ન કરવાથી અનંતા જીવો કેવળીપદને પામ્યા છે."

માટે હે દાન, શિયળ, તપ અને ભાવ! તમારામાંથી ગમે તે એકનું સેવા કરીને ઘણા ભવ્યાત્માઓ મોક્ષે ગયા છે, માટે તમે એક બીજાની ઈર્ષ્યા છોડી દો. સત્પાત્રમાં શ્રદ્ધાપૂર્વક દાન દેવાથી, નિર્મળ શિયળ પાળવાથી, તીવ્ર તપસ્યાથી અને સદ્ભાવથી અનેક જીવો મોક્ષે ગયા છે, તેમાં એક બીજાનું ઓછાવત્તાપણું હોય છે, જ્યાં દાનની ગૌરવતા હોય ત્યાં બીજાની ગૌણતા હોય, જ્યાં શિયળની મુખ્યતા હોય ત્યાં બીજાની ગૌણતા હોય એમ દરેકમાં સમજી લેવું.

હવે તમારામાંથી કોણ-વિશેષ શ્રેષ્ઠ છે? તે સાંભળવુંજ હોય તો સાંભળો-- ચંદ્રનાં કીરણો સમાન પવિત્ર, શાંત અને વૃદ્ધિ પામતી છે માળા જેની એવા હે શિયળ! અને ભવ સાગરમાંથી તારવાને માટે નાવ સરખા હે તપ! અને પવિત્ર ભાવ! તમારી સેવા--ઉપાસના કરવાથી માત્ર ઉપાસના કરનારો એકજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છુજ મોક્ષે જાય છે, અને દાનથી તો લેનાર અને દેનાર બન્નેની મુક્તિ થાય છે, તેમ બીજાઓની મુખ્યતા માટે પણ કેટલાક કારણો છે."

આ પ્રમાણે શ્રી જિનેશ્વર દેવના મુખકમળમાંથી દાનનું માહાત્મ્ય-તેની શ્રેષ્ઠતા સાંભળી સંતોષ પામી, લક્ષ્મી અને કર્પાભિમાનને છોડી દઇ, શિયળ તપ અને ભાવ એ ત્રણેએ દાનની મહત્તા સ્વીકારી, તેને પોતાનામાં મુખ્ય તરીકે સ્વીકાર્યો. સુજ્ઞ વાંચક ! તું પણ આ રમુજી સંવાદમાંથી કંઇક ગ્રહણ કરી તારા આત્માને કૃતાર્થ કરજે.

મુનિ ન્યાયવિજયજી.

—⁂—

## પ્રશ્નોત્તર.

( અનુસંધાન પૃષ્ઠ-૨૭ થી )

પ્રશ્ન ૨૬-જયવીયરાયની પ્રથમની બે ગાથા બોલતી વખતે હાથ ઉંચા રાખવામાં આવે છે અને પછી નીચા રાખવામાં આવે છે તેનું કાંઈ ખાસ કારણ છે ? વળી હાથ ઉંચા રાખવાથી મુખ ઉઘાડું થાય છે તેથી તેનો બાધ કાંઇ નથી ?

ઉત્તર-જયવીયરાયની પ્રથમની બે ગાથા પ્રાચીન પૂર્વાચાર્ય કૃત છે, તે મુક્તાસુક્તિ મુદ્રાએ બોલવાની છે. તે મુદ્રા બે હાથ પોલા પણ મળેલા રાખી કપાળે અડાડવાથી થાય છે; પણ તે વખતે હાથની હથેળીનો નીચેનો ભાગ મુખ આડો આવે છે, એટલે મુખ ઉઘાડું રહેતું નથી.

બે ગાથાની પછીનો ભાગ પાછળના આચાર્યકૃત ને ક્ષેપક છે.

પ્રશ્ન ૨૭-મુદ્રા અને આસન એક જ છે કે જુદાં જુદાં છે ? અને તે બંને યોગના અંગ છે ? મુદ્રા કુલ કેટલા પ્રકારની છે ?

ઉત્તર-મુદ્રા અને આસન એ જુદી જુદી બાબત છે. બંને યોગના અંગ તો જણાય છે. મુદ્રા ચૈત્યવંદન ભાષ્યમાં ત્રણ પ્રકારની કહી છે--૧ યોગ મુદ્રા, ૨ જિન મુદ્રા, ૩ મુક્તાસુક્તિ મુદ્રા. એનું વિશેષ સ્વરૂપ અને એ મુદ્રા ક્યારે ક્યારે કરવી ? તે ચૈત્યવંદન વિગેરે ત્રણ ભાષ્ય સાથે છપાયેલ છે તેમાંથી જોઇ લેશો.

પ્રશ્ન ૨૮-શ્વાસોશ્વાસ એટલે શું ? અને તે કેટલો સમય સાચવે છે ? અમુક સૂત્રોનું પ્રમાણ અમુક શ્વાસોશ્વાસનું કહ્યું છે તેથી શું સમજવું ?

ઉત્તર-શ્વાસોશ્વાસના ઘણા પ્રકાર છે. આપણે લઇએ છીએ તે શ્વાસોશ્વાસમાં બધા મનુષ્યોને સરખો કાળ [ વખત ] હોતો નથી. અરોગી, નિરોગી, થાકેલો, વિશ્રાંતિવાળો, નબળા બાંધાવાળો, મજબુત બાંધાવાળો જે શ્વાસોશ્વાસ લેય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેમાં ઓછાવત્તા સમય લાગે છે એક તે પ્રકાર. બીજો પ્રકાર એક મુહૂર્ત્તમાં (બે ઘડી અથવા ૪૮ મીનીટમાં) ૩૭૭૩ શ્વાસોશ્વાસ નવતત્ત્વમાં કહ્યા છે, પણ તે તો નાડીના ધબકારા હોવા સંભવ છે અને તે પણ અમુક પ્રકારના નિરોગી માણસની અપેક્ષાએજ કહેલા જણાય છે; કેમકે નાડીના ધબકારા પણ સૌના સરખા હોતા નથી એ બીજો પ્રકાર. પ્રતિક્રમણાદિકમાં કાયોત્સર્ગનું પ્રમાણ અમુક શ્વાસોશ્વાસનું કહેલું છે. તેનું પ્રમાણ તો તેની અંદર સંભારવાના લોગસ્સ અથવા નવકારના પદ પ્રમાણેજ–તેનો શુદ્ધોચ્ચાર કરતાં વખત લાગે તે પ્રમાણેજ ઠરાવેલ છે. એ ત્રીજો પ્રકાર સમજવો.

પ્રશ્ન ૨૯–પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં પ્રારંભના ચૈત્યવંદનમાં સકળાર્હત્ બોલવામાં આવે છે, તેમાં ઓછીવધતી ગાથાઓ બોલાતી સંભળાય છે તો તે મૂળ કેટલી ગાથાના છે? કોના કરેલા છે? ગાથા ઓછીવત્તી કેમ બોલાય છે? અને એ સકળાર્હત્ ને બદલે ૨૪ પ્રભુની સ્તુતિવાળું બીજું કાવ્ય તે સ્થાને બોલાય કે નહીં?

ઉત્તર–સકળાર્હત્ તે શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રનું મંગળાચરણ છે. તેમાં મુખ્ય ૨૪ પ્રભુની સ્તુતિ છે. શ્રી હેમચંદ્રાચાર્યકૃત છે. પ્રાયે તેમાં ૩૦ ગાથાઓ છે. કોઈક એક બે શ્લોક બીજા પણ વધારે બોલે છે તે ક્ષેપક છે. એવા ક્ષેપક શ્લોકો બોલવામાં કાંઈ વિરોધ નથી, પરંતુ એક સરખી પ્રવૃત્તિ હોય તો તે ઇષ્ટ છે. શ્રી હેમચંદ્રાચાર્યની અગાઉ તે સ્થાને કોઈ બીજુંજ ચૈત્યવંદન બોલાતું હશે. હાલ પણ ખરતર ગચ્છવાળા તે સ્થાને જયતિહુઅણ સ્તોત્ર બોલે છે.

પ્રશ્ન ૩૦–પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં સઝાયને સ્થાનકે ઉવસગ્ગહરં અને સંસાર દાવાની ૪ સ્તુતિ બોલાય છે તેનું શું કારણ? અને ચોથી સ્તુતિના બીજા પદથી સમગ્ર શ્રાવક શ્રાવિકાઓ ઉંચે સ્વરે ને એક સાથે બોલે છે તેનું શું કારણ?

ઉત્તર–પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં સઝાયને સ્થાને તમારા કહ્યા પ્રમાણે બોલવાની સંકળના પૂર્વપુરૂષોએ તેમને યોગ્ય લાગ્યા પ્રમાણે કરેલી છે. આપણે તેને આધીન વર્તવાનું છે. એમાં બુદ્ધિવ્યાપાર ચલાવવાનો નથી; અને ચોથી સ્તુતિના બીજા પદથી સૌ સાથે ઉંચે સ્વરે બોલે છે તે મિથ્યાદૃષ્ટિ વ્યંતરાદિ દેવના નિવારણાર્થે છે. તે સાંભળવાથી તેઓ ઉપદ્રવ કરી શકતા નથી ને ચાલ્યા જાય છે.

પ્રશ્ન ૩૧–બૃહદ્શાંતિમાં 'શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ' ઇત્યાદિ શાંતિની ઉદ્ઘોષણામાં કોઈ ઓછાવત્તા વાક્યો બોલે છે અને ક્રમમાં પણ ફેરફાર બોલે છે તો તેનો ખરો ક્રમ શું સમજવો? આ બાબત તેની અગાઉની 'સંઘ જગજ્જન પદo' એ ગાથામાં કહેલ છે તે ઉપર ધ્યાન આપશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર--એ ઉદ્યાપણામાં સંઘ જગજ્જનપદ૦ એ ગાથામાં કહેલ ક્રમ પ્રમાણે છ વાક્યો ને પછી પૌરજનસ્ય૦ અને બ્રહ્મલોકસ્ય૦ એ બે વાક્ય પૂર્વપુરૂષોએ કે તેના કર્તાએજ ઉમેરેલા છે, તે મળીને આઠ વાક્ય તેજ ક્રમ પ્રમાણે બોલવા યોગ્ય લાગે છે.

પ્રશ્ન ૩૨–ચૈત્યવંદન કરતી વખત ડાબો પગ અને વંદિત્તુ કહેતી વખત જમણો પગ ઉંચો કરવામાં આવે છે તેનું શું કારણ ? એ બન્ને જુદા જુદા પ્રકાર શું સૂચવે છે ?

ઉત્તર–ચૈત્યવંદન કરતી વખતની ખરી મુદ્રા તો બન્ને ગોઠણ જમીનપર લગાડી હાથવડે જિનમુદ્રા જાળવીને બોલવું તે છે. એકલો ડાબો ઢીંચણ ઉભો રાખવો તે તો ઇંદ્રને માટે છે; કારણ કે પોતાના સ્વામીત્વને અંગે એક ઢીંચણ ઉભો રાખી ચાર અંગે પ્રણામ કરીને શક્રસ્તવ બોલે છે. આપણે તે પ્રમાણે વર્તીએ છીએ તે કાયરપણું સૂચવે છે.

વંદિત્તામાં ઉત્કટપણે બેસી અતિચારો શૂરવીરપણે આળોવવાના છે. તેને માટે એ મુદ્રા છે. તેમાં જમણો ઢીંચણ માત્ર ઉભો કરવાનો છે; એટલુંજ નહીં પણ ડાબો ઢીંચણ નમાવી જમીને લગાડ્યા વિના તેના અંગુઠા ઉપર શરીર ટેકાવીને વંદિત્તુ બોલવાનું છે. એ પ્રમાણે મુદ્રા કરતા નથી તે પણ આપણું કાયરપણું સૂચવે છે.

પ્રશ્ન ૩૩--આંખ મીંચીને ઉઘાડીએ તેમાં અસંખ્યાતા સમય થઇ જાય એમ કહે છે, તે સમય કેવડો સમજવો ? અને અસંખ્યાતા અને અનંતાની વ્યાખ્યા શું સમજવી ?

ઉત્તર—સમયની સંજ્ઞા એને આપેલી છે કે જે કાળવિભાગના બે ભાગ કેવળજ્ઞાની પણ કલ્પી શકે નહીં. છદ્મસ્થને તો તે જાણવાનો અવકાશજ નથી, એટલો તે સૂક્ષ્મ છે. સંખ્યાતાના ૩ પ્રકાર, અસંખ્યાતાના ૯ પ્રકાર અને અનંતાના પણ ૯ પ્રકાર, કુલ ૨૧ પ્રકારની વ્યાખ્યા ઘણા વિસ્તારથી કર્મગ્રંથાદિકમાં આપેલી છે ત્યાંથી જાણવી, અથવા ગુરૂગમથી સમજવી. અહીં લખવાથી ઘણો વિસ્તાર થાય તેથી લખેલ નથી.

પ્રશ્ન ૩૪--પ્રતિક્રમણમાં અત્યારે જે સૂત્રો બોલાય છે તે મહાવીર પરમાત્માના વખતથી તેના તે બોલાય છે કે તેમાં કાંઇ ફેરફાર થયેલ છે ? ભાષાની પ્રવૃત્તિના ફેરફારની તેની ઉપર અસર થઈ છે કે કેમ ? અત્યારે તેને બદલે ગુજરાતી ભાષામાં કોઇ કરે ને બોલે તો બોલાય કે નહીં ? તે બધા સૂત્રો કોના રચેલા છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર–મહાવીર પરમાત્માના શાસનમાં જ્યારથી આવશ્યક સૂત્રની રચના થઇ ત્યારથી પ્રતિક્રમણમાં અત્યારે જે જે સૂત્રો બોલાય છે તેજ બોલાય છે. તેનો બહોળો ભાગ ગણધરમહારાજાકૃતજ સમજાય છે. માત્ર અમુક સૂત્રો બીજાના કરેલા દાખલ થયા છે. જુઓ ! જગચિંતામણિ ગૌતમસ્વામીની અષ્ટાપદપર કરેલી છે. નમોસ્તુ વર્ધમાનાય ને વિશાળ લોચન ચૌદપૂર્વમાંથી ઉદ્ધરેલા છે. બાકી ઉવસગ્ગહરં ભદ્રબાહુસ્વામીકૃત છે, સંસારદાવાની સ્તુતિ શ્રીહરિભદ્રસૂરિકૃત છે, આયરીય ઉવઝાયેની ત્રણ ગાથા સંથારાપયન્નામાંથી ઉદ્ધરેલી છે. પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં કહેવાતા ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન ને સઝાય તથા બૃહદ્શાંતિના કર્ત્તા જુદા જુદા છે. એ તેના કર્ત્તાના થયા પછી દાખલ થયેલ છે. પ્રથમ તેને સ્થાને બીજું બોલાતું હશે. શું બોલાતું હશે ? તે કહી શકાય તેમ નથી. ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન, સઝાય–એ તો જુદાં જુદાં જ અત્યારે પણ બોલાય છે. તેને માટે પ્રતિબંધ પાક્ષિકાદિ ત્રણ પ્રતિક્રમણને અંગે પૂર્વપુરુષોએ કરેલ છે. દેવસી, રાઈ પ્રતિક્રમણને અંગે છુટ છે. બાકી સૂત્રો તો જે અસલ છે તેજ બોલવા, તેને બદલે બીજી ભાષામાં બનાવેલા ઉપયોગમાં લઈ શકાય નહીં. તેથીજ આજ સુધી કોઈએ બીજી ભાષામાં બનાવેલ પણ નથી.

પ્રશ્ન ૩૫–બીજા પંચાંગોમાં ને જૈન પંચાંગોમાં તિથિઓને અંગે ફેરફાર આવે છે તેનું શું કારણ ? જૈનોએ કયું પંચાંગ સ્વીકારેલું છે ? અને તિથિઓને અંગે શી ગોઠવણ મુકરર કરેલી છે ?

ઉત્તર–પ્રથમ જૈન પંચાંગો બનતા હતા, હાલ તે વિચ્છેદ ગયેલ છે, તેથી હાલમાં આપણા તપગચ્છમાં બહોળે ભાગે જોધપુરી શ્રીધર શીવલાલના પંચાંગ ઉપર આધાર રાખવામાં આવે છે. અમે જૈન પંચાંગ ભીંતે ચોડવાનું બનાવીએ છીએ તે તેની ઉપરથીજ બનાવીએ છીએ. તિથિઓના સંબંધમાં આપણે માટે એવો ઉલ્લેખ છે કે—**क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ ग्राह्या तथोत्तरा** એટલે જો બાર તિથિ પૈકી કોઈ પણ તિથિનો ક્ષય પંચાંગમાં હોય તો તે તિથિનો ક્ષય ન કરતાં તેની પૂર્વની તિથિનો ક્ષય કરવો. ( અમાસનો કે પુનમનો ક્ષય હોય તો તેની પૂર્વે ચૌદશ પણ તિથિ હોવાથી તેરશનો ક્ષય કરવો. ) અને જો તિથિની વૃદ્ધિ હોય તો પાળવા માટે બે પૈકી બીજી (ઉત્તર) તિથિ પાળવાની ઠરાવવી અને પ્રથમની તિથિનો ત્યાર અગાઉની તિથિ બે ઠરાવવામાં ઉપયોગ કરવો.

ઉપરની હકીકત બાર તિથિ પાળવા માટે છે. બાકી મુહૂર્ત્તાદિક જોવામાં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસલ પંચાંગમાં જે તિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય તેજ માન્ય રાખવામાં આવે છે.

પ્રશ્ન ૩૬--પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં સ્તવનને સ્થાને અજિતશાંતિ સ્તવ બોલાય છે તેનું કાંઇ ખાસ કારણ છે? તેને બદલે બીજા સ્તોત્ર ભક્તામર, કલ્યાણમંદિર, જયતિહુઅણાદિ બોલાય કે નહીં ?

ઉત્તર--પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં અજિતશાંતિ સ્તવ સ્તવનને સ્થાનકે બોલાય, બીજું સ્તોત્ર ન બોલાય. કારણ કે આપણા માન્ય પૂર્વપુરૂષોએ તે બોલવાનું ઠરાવેલું છે, અને તેના કર્ત્તા નંદીષેણ મુનિ બીજા સ્તોત્રોના કર્ત્તા કરતાં બહુ વહેલા થઇ ગયેલા છે.

પ્રશ્ન ૩૭--દેવસી પ્રતિક્રમણમાં લઘુશાંતિ અને પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં વૃહત્ શાંતિ બોલાય છે તેનું કારણ વધારે કાળ સંવરમાં કાઢવો તેજ છે કે બીજું છે ?

ઉત્તર--પર્વના બહુમાનને અંગે અને સંવરમાં વ્યતીત થતા કાળમાં વૃદ્ધિ કરવાને અંગે પૂર્વપુરૂષોએ એ પ્રવૃત્તિ ઠરાવી છે તે માન્ય કરવા યોગ્ય છે.

પ્રશ્ન ૩૮--પ્રતિક્રમણના પ્રારંભમાં ચૈત્યવંદન કરવામાં આવે છે, ત્યારપછી જંકિંચિ કહીને ચૈત્યવંદનને લગતાં બધા સૂત્રો કેમ કહેવામાં આવતા નથી? એ વિધિ શું ઉદ્દેશીને કરાય છે ?

ઉત્તર--એ વિધિ ચાર સ્તુતિએ દેવ વાંદવાની છે અને તે પણ પ્રતિક્રમણના પ્રારંભમાં માંગળિક નિમિત્તે કરવાની છે, તેથી જે પ્રમાણે કરવાની પૂર્વપુરૂષોએ ઠરાવેલી છે તે પ્રમાણેજ કરવા યોગ્ય છે.

પ્રશ્ન ૩૯--પાક્ષિક સૂત્ર પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં કહેવામાં આવે છે અને દેવસી પ્રતિક્રમણમાં નથી કહેવાતું તેનું શું કારણ ?

ઉત્તર--દેવસી રાઇ પ્રતિક્રમણમાં સાધુ સાધ્વી તેટલા વખતના અતિચાર આલોવવા માટે શ્રમણ સૂત્ર કહે છે, અને પાક્ષિકાદિમાં તે દિવસ સંબંધી અતિચાર આલોવ્યા પછી આખા પક્ષ વિગેરેની વિશેષ શુદ્ધિ માટે પાક્ષિકસૂત્ર કહેવામાં આવે છે.

પ્રશ્ન ૪૦--વૈતાઢ્ય, વૈભારગિરિ અને ચિત્રકૂટ કયાં છે ?

ઉત્તર--વૈતાઢ્ય ભરતક્ષેત્રની મધ્યમાં છે, અહીંથી ઘણો દૂર છે, ત્યાં સુધી જઇ શકાય તેમ નથી. રાજગૃહી પાસે અત્યારે પાંચ પહાડ છે તેમાં એકનું

૧ આ સંબંધમાં ખાસ શાસ્ત્રપ્રમાણ અપેક્ષિત છે, ભવભીરૂ ગીતાર્થ (બહુશ્રુતો) દ્વારા તેનો સારી રીતે ખુલાસો કરી લેવાની અને તેને માન્ય કરવાની જરૂર છે; કેમકે ખરતરાદિક અનેરા ગચ્છોમાં જુદી જુદી રીતે તિથિના વધઘટનો વિવેક કરાતો જણાય છે યા સંભળાય છે, તેથી શંકા બની રહે છે, ટળતી નથી. ( સંશોધક )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ વૈભારગિરિ છે. ત્યાં અત્યારે દરેક યાત્રાળુ જાય છે. ચિત્રકૂટ એટલે ચિતોડ, તેનો કિલ્લો પર્વત ઉપર અત્યારે વિદ્યમાન છે.

પ્રશ્ન ૪૧-ગુરૂને વાંદણા દેવામાં બીજા વાંદણામાં **आवस्सिआए** ન કહેવાનું શું કારણ ?

ઉત્તર-બીજી વાર અવગ્રહમાંથી નીકળવાનું ન હોવાથી તે પદ ન બોલવું એવી મર્યાદા ઠરાવેલી છે.

પ્રશ્ન ૪૨-વંદિત્તાસૂત્રમાં તસ્સ ધમ્મસ્સ૰ વાળી ગાથા કહેતાં ઉભા થઈ ને પછી બાકીની ગાથાઓ બોલાય છે તેનું શું કારણ છે ? તે ગાથાઓ શું ક્ષેપક છે ? કેમકે **वंदामि जिणे चउव्वीसं** એ પદ તસ્સ ધમ્મસ્સ૰વાળી ગાથામાં ને છેલી ગાથામાં એમ બે વાર આવે છે ?

ઉત્તર-આખું વંદિત્તાસૂત્ર એકજ કર્ત્તાનું (પૂર્વાચાર્યનું) બનાવેલું છે. પાછલી ગાથા ક્ષેપક નથી, પણ અતિચારના ભારથી હલકો થવાથી **अब्भुट्ठिओमि आराहणाए** આરાધના કરવા ઉભો થાઉં છું, તેમ બોલતાં ઉભો થઇ જઇને બાકીનો ભાગ ઉભા ઉભા આદરથી બોલે છે. જે પદ બે વાર આવે છે તે ભક્તિના અંગનું છે અને ભક્તિમાં પુનરૂક્તિ દોષ ગણવામાં આવતો નથી.

પ્રશ્ન ૪૩—વંદિત્તાસૂત્ર કોનું બનાવેલું છે ? તે પૂર્વમાંથી કે કોઇ સૂત્રમાંથી ઉદ્ધરેલું છે ?

ઉત્તર—વંદિત્તાસૂત્રના કર્ત્તાનું નામ જાણવામાં નથી; પરંતુ તે આવશ્યક સૂત્રમાંથી ઉદ્ધરિત હોવાથી પૂર્વાચાર્યકૃત છે.

પ્રશ્ન ૪૪—પ્રતિક્રમણમાં કે દેરાસર વિગેરેમાં સ્તવન બોલતાં પહેલાં નમોર્હત્ બોલવાની પ્રવૃત્તિ છે તેની ખાસ આવશ્યકતા છે ?

ઉત્તર—નમોર્હત્ એ પૂર્વોનું મંગળાચરણ છે, તેથી મહામંગળકારી છે. તે માટે તે સ્તવનાદિના પ્રારંભમાં બોલવુંજ જોઇએ.

પ્રશ્ન ૪૫—કાઉસગ્ગમાં લોગસ્સ ચિંતવ્યા પછી કાઉસગ્ગ પારીને પણ પ્રગટ લોગસ્સ બોલવામાં આવે છે તેથી પુનરૂક્તિ થતી નથી ?

ઉત્તર—કાઉસ્સગ્ગમાં તો માત્ર મનને સ્થિર રાખવા ચિંતવાય છે, અને પછી મુખે બોલાય છે, તેમાં તો મન વચન કાયા ત્રણે યોગની પ્રવૃત્તિ થાય છે, તેથી તેમાં પુનરૂક્તિ દોષ બીલકુલ સમજવાનો નથી.

પ્રશ્ન ૪૬—સામાયિક ઉચ્ચરતાં ગુરૂને પ્રાર્થના કરવામાં આવે છે કે-'સામાયિક દંડક ઉચ્ચરાવોજી' તેનો શું હેતુ છે ? એ કરેમિભંતે સૂત્રમાં મતલબ શું રહેલી છે ?

ઉત્તર—કરેમિભંતે સૂત્રમાં સામાયિક કરનાર તેને માટે પ્રતિજ્ઞા કરે છે, પરંતુ ગુરૂને પ્રાર્થના કરવાનું કારણ તેમને સાક્ષી રાખવા તે છે. તે સૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રનો ગુરૂ ઉચ્ચાર કરે, ત્યારે શ્રાવકે તેજ પ્રમાણે મનમાં ઉચ્ચાર કરવાનો છે; તેથીજ તેની પ્રાર્થના અને ગુરૂનો પ્રયાસ સફળ થાય છે. આ સૂત્રમાં રહેલી મતલબ તેનો અર્થ પ્રતિક્રમણની બુકમાંથી વાંચી જોવાથી સમજી શકાશે.

પ્રશ્ન ૪૭—વરકનકવાળી ગાથામાં શું હકીકત છે ?

ઉત્તર—એ માગધી અને સંસ્કૃત બંને પ્રકારની ગાથા છે. માગધી ગાથા તિજયપહુત્ત સ્તોત્રમાં છે. તેની અંદર ઉત્કૃષ્ટે કાળે થનારા ૧૭૦ તીર્થંકરો સુવર્ણાદિ પાંચે વર્ણવાળા થાય છે એ હકીકત છે, ને તેને વંદન છે.

પ્રશ્ન ૪૮–ખમાસમણ શુદ્ધ કેવી રીતે ગણાય ?

ઉત્તર--બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચે અંગ ભૂમિએ અડે ત્યારે ખમાસમણ શુદ્ધ કહેવાય. એનું બીજું નામ પંચાંગ પ્રણામજ છે. જેઓ બે હાથ અને માથું અધર રાખી ખમાસમણ દે છે તે અક્કડ રહેલા દેખાય છે, તેનું ખમાસમણ શુદ્ધ (યથાર્થ) ગણાતું નથી.

પ્રશ્ન ૪૯–ઉપવાસ, આયંબિલ ને નીવીનો શબ્દાર્થ શું છે ?

ઉત્તર–ઉપ ઉપસર્ગ ને વસ ધાતુ મળી ને થતો ઉપવાસ શબ્દ અનાહારપણુંજ કહે છે. વ્યાકરણકારે એ અર્થ સિદ્ધ કરેલો છે. તેનો બીજો અર્થ ગુણુની સમીપે વસવું, જેથી અભ્યંતર તપની પુષ્ટિ થાય તેવા લક્ષ્યપૂર્વક પ્રવર્તવું તે છે. આયંબિલ શબ્દ પ્રાકૃત છે. તેનો સંસ્કૃત શબ્દ આચામ્લ અથવા આચામામ્લ છે. તેનો અર્થ કોષમાં તો 'એક પ્રકારનો તપ' એમજ કરેલો છે. નીવીનો મૂળ શબ્દ નિર્વિકૃતિક છે. એનો અર્થ વિગયના ત્યાગવાળો તપ એવો થાય છે. એ તપમાં છ એ વિગય અને તેના નિવીયાતાનો ત્યાગ હોય છે.

## લક્ષમાં લ્યો.

મહાત્મા ગાંધી તા. ૧૩–૪–૨૪ ના **નવજીવનમાં** લખે છે કે–" મારા મિત્રો મને સર્વોત્કૃષ્ટ માને છે તેથી હું ધ્રુજું છું. હું જો તેવું માનતો થઇ જાઉં તો મારૂં પતનજ થાય. કેમકે મારે તો હજુ બહુ ચડવાનું બાકી છે. મારો લોભ અસીમ છે. મારે જીતવાના શત્રુ અસંખ્ય છે. જેમ જેમ ઉંડો ઉતરૂં છું તેમ તેમ મારી ખામીઓનું મને દર્શન થતું જાય છે. એ જોઉં છું ત્યારે મને વિચાર થાય છે કે ખરેખરા સર્વોત્કૃષ્ટ માણસ તે કેવા હશે ? એ વિચારતાં મોક્ષનો ને તેમાં રહેલા અતિ આનંદનો મને કાંઇક ખ્યાલ આવે છે અને ઇશ્વરત્તત્વ શું હોઇ શકે તેની મને કંઇક ઝાંખી થાય છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રથમ અંકમાં આપેલા ૮ પ્રશ્નોના ઉત્તરો.

૧–શાસ્ત્રીય બાધ તો જણાતો નથી, પરંતુ વ્યવહારિક જ્ઞાતિ પ્રબંધ પણ કેટલીક બાબતમાં બહુ ઉપયોગી હોવાથી તેને એકદમ ન તોડતાં સમજાવી સમજાવીને એકત્ર કરવા જોઇએ.

૨–મહાવીર પરમાત્માના વખતમાં ક્ષત્રી, વૈશ્ય ને બ્રાહ્મણ ત્રણે વર્ણમાં પરસ્પર કન્યા વ્યવહાર હશે એમ જણાય છે, પણ તેની સંખ્યા ઓછી દેખાય છે. ત્યાર બાદ ક્ષત્રી ને બ્રાહ્મણ બહોળે ભાગે અન્ય ધર્મી થઈ જવાથી તેમજ બીજા અભક્ષ્ય ભક્ષણાદિ કારણથી તેમની સાથેનો કન્યાવ્યવહાર બંધ થયેલો છે, તેથી આખા વર્ગ પરત્વે તે બાબત સુધર્યા સિવાય અમુક માણસો સુધર્યાથી તેમની સાથે કન્યાવ્યવહાર કરવો યોગ્ય જણાતો નથી, કારણ કે ધર્મ જાળવવો એ સૌથી મુખ્ય વાત હોવી જોઇએ.

૩–અન્ય કોમની કન્યા લાવનારને સમાજથી દૂર કર્યાની વાતના સંબંધમાં અન્ય કોમની સ્પષ્ટતા થવી જોઇએ. અન્ય કોમ વણિકની હોય કે જેની સાથે ખાનપાનનો વ્યવહાર હોય તેને માટે જુદી શિક્ષા થાય. તે સિવાયની કોમ માટે તો થયેલ શિક્ષા અઘટિત ન ગણાય. આ બાબતમાં જ્ઞાતિના કાયદાને અનુસરવું તે પણ ઘટિત લાગે છે.

૪–જ્ઞાતિથી ને ધર્મથી દૂર કરવાના કારણો કેટલાક શાસ્ત્રોક્ત હોય છે, ને કેટલાક બુદ્ધિગમ્ય હોય છે. તેથી તે બાબત અનુભવીઓના અનુભવ ઉપરજ રહી શકે તેમ છે. જેઓ એવી બાબતમાં લાંબો અનુભવ ધરાવતા હોય તેમની સલાહ તેવે પ્રસંગે ઉપયોગી થઇ શકે છે.તેવી બાબતો લખીને પ્રસિદ્ધ કરવી તેમાં બહુ અગવડ આવવાનો સંભવ છે.

૫–જૈન શાસ્ત્રમાં જૈન ધર્મ પાળવા માટે જાતિભેદ નથી, પરંતુ તે શાસ્ત્રોમાં કહેલી આજ્ઞાઓના પ્રતિપાલન માટે કરેલ જાતિભેદ સ્વીકાર કરવા યોગ્ય લાગે છે. તે હકીક્ત તીરસ્કરણીય નથી.

૬–જૈન કોઇ પતીત થઇ ગયેલ હોય તો તેને પાછો જૈન કરી શકાય છે, જૈનવર્ગમાં ભેળવી શકાય છે, પરંતુ તેમાં કારણો જોવાની ખાસ જરૂર છે. અમુક કારણે પતીત થયેલ હોય તો તે દાખલ કરવા યોગ્ય નજ થાય. વળી હવે પછીને માટે પણ તેવી પતીત દશા ન થવાની ખાત્રી થવી જોઇએ.

૭–દશા વીશાનો ભેદ કલેશકારક હોય તે દૂર કરવો જોઇએ, બાકી બહુ મોટો પ્રવાહ સંભાળી ન શકાય તેટલા માટે બે ભેદ હોય તો વાંધો જણાતો નથી. તે સાથે તેમાં ઉંચા નીચાપણાની માન્યતા કાઢી નાખવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯–છેલ્લા પ્રશ્નનો જવાબ લખવાથી ઢંકાયેલી વાત ઉખેળવા જેવું થાય છે. તેથી તેનો જવાબ લખવાની આવશ્યકતા જણાતી નથી. તંત્રી

# ઉપરના પ્રશ્નોના ઉત્તરો.

( લેખક મુનિરાજ કર્પૂર વિજયજી)

૧ ઓસવાળ, ખંડેરવાળ, પોરવાળ, અગ્રવાળ, અને શ્રીમાળ વિગેરે જે જૈન શાસનને અનુસરનારા છે, તેમનામાં પણ દશા–વીશા પ્રમુખ કઇક પેટા વિભાગ પડી ગયેલા જોવાય છે; ને કાળદોષથી કે મિથ્યાભિમાનથી જ્ઞાતિ ને ઉપજ્ઞાતિનો સવાલ બારીક બની ગયો છે. તે એટલે દરજ્જે કે વખતે ધર્મ–શાસનને પણ વિસરી જવાય છે. જો શાસ્ત્ર–સમયને ઓળખી દ્રષ્ટિ વિશાળ કરવામાં આવે તો ધર્મશાસનને અને તેને અનુસરનારને એક પળમાત્ર પણ વિસરી શકાય નહીં. ગમે તેવા નિકટ સંબંધી કરતાં સાધર્મી–સમાન ધર્મીનું સગપણ ઘણું મહત્ત્વનું કહ્યું છે; તેથી જિનશાસનને અનુસરનારા ઓસવાળાદિકમાં આપસઆપસમાં ભોજનવ્યવહાર સાથે બેટીવ્યવહાર થાય તેમાં કશો શાસ્ત્રબાધ જણાતો નથી. પૂર્વે ખરા જૈનીઓમાં કશા સંકોચ વગર તેવો વ્યવહાર ચાલતો હોવાનો વધારે સંભવ છે.

૨ પૂર્વે બ્રાહ્મણ, ક્ષત્રીય અને વશ્ય કન્યાઓ સાથે લગ્ન થતા હોવાના પુરાવા મળે છે. જો તેઓ શુદ્ધ સનાતન જૈનધર્મને અનુસરનારાજ હોય તો અત્યારે પણ તેવા લગ્ન ધર્મ–દ્રષ્ટિથી થવા પામે તેમાં કશો શાસ્ત્ર–બાધ કલ્પી શકાતો નથી.

૩ આ પ્રશ્નનો ખુલાસો ઉપરની હકીકતને લક્ષપૂર્વક વાંચવા–વિચારવાથી થઇ જવા સંભવ છે.

૪ જાતિદ્રોહ કરનારાને જાતિથી અને ધર્મદ્રોહ કરનારાને ધર્મ–શાસનથી દૂર કરી શકાય.

૫ જૈનોમાં વ્યવહાર દ્રષ્ટિથી વર્તમાનકાળે કઇક જ્ઞાતિભેદ પડેલા જોવાય છે. નિશ્ચય દ્રષ્ટિથી જોતાં જૈનમાં અભેદ ભાવજ સંભવે છે–જ્ઞાતિભેદ સંભવતોજ નથી.

૬ જૈન કોઇ પતિત થઇ ગયો હોય અને ફરી શુદ્ધ નિર્દોષ થવા તેની પ્રબળ ઇચ્છા હોય તો સુવિહિત સાધુજન પાસે યોગ્ય પ્રાયશ્ચિત્ત લહી, તે શુદ્ધ થઈ શકે છે અને એવા શુદ્ધ થયેલાને જ્ઞાતિમાં કે ધર્મ- શાસનમાં દાખલ કરવામાં કંઈ શાસ્ત્ર–બાધ જણાતો નથી.

૭ દશા–વીશાના ભેદ ને ઉપભેદ સમયને સમજનારાઓએ શમાવવા પ્રયત્ન કરવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ગુજરાત દેશમાં હાલ કોઇ એવી વણિક જાતિ જણુવામાં નથી કે જેમાં વિધવાવિવાહ ચાલતો હોય અને જૈન ધર્મ પાળતા હોય છતાં તે સાધર્મી-વાત્સલ્યમાં સામીલ હોય યા ન હોય. પૂર્વે કચ્છાદિકમાં એવો વર્ગ હોવાનું સંભળાય છે, અત્યારે તો ત્યાં પણ સુધારો થયેલો સંભળાય છે, એટલે તેમને અત્યારે સાધર્મિવાત્સલ્યમાંથી બાતલ નહિ કરતાં સામેલ કરી શકાય. ઈતિશમ્.

# શ્રી તપાગચ્છ ગુર્વાવલી સ્વાધ્યાય.

( સંગ્રહકર્તા-મોહનલાલ દલીચંદ દેશાઇ. બી. એ એલ. એલ. બી. )

વિનયસુંદર નામના પંડિતે તપાગચ્છની પરંપરામાં થયેલા આચાર્યો સંબંધી એક ટૂંકી સ્વાધ્યાય ( સઝાય ) રચેલી છે. તેની તેમના પોતાનાં હસ્તાક્ષરે લખાયેલી પ્રત મને પ્રાપ્ત થઇ છે, તે અહીં એમને એમ મેં ઉતારી લીધી છે.

સકલ સુરાસુર સેવિત પાય, પ્રણમી વીર જિણેસર રાય;
તસ શાસન ગુરૂપદ પટધરૂ, જગતિઇં ગુણસ્યું સોહાકરૂ. ૧
પહિલું પ્રણમઉ ગૌતમસ્વામિ ૧, સર્વ સિધિ હુઇ જસ લીધઇ નામિ;
સુધર્મસ્વામિ ૨ પંચમ ગણધાર, જંબૂસ્વામિ ૩ નામિ જયકાર. ૨
પ્રભવસ્વામિ ૪ તસ પટધર નમઉ, શય્યંભવ ૫ પટધર પાંચમઉ;
યશોભદ્ર ૬ ભદ્રબાહુ ૭ મુણિંદ, શુલભદ્ર ૮ નમતાં આણંદ. ૩
તેહના શિષ્ય દોઇ પટધાર, સૂરીશ્વર ગુણમણિ ભંડાર;
આર્યમહાગિરિ આર્યસુહસ્તિ ૯, સંપ્રતિરાય ગુરૂભણી પ્રશસ્તિ. ૪
શ્રી કોટિક કાંકદક સૂરિ ૧૦, ઇંદ્રદિન્ન ૧૧ દિન્નસૂરિ ૧૨ ગુણભૂરિ;
તસ પટિ સિંહગિરિ ૧૩ શ્રીવયરસ્વામિ ૧૪, વજ્રસેન ગુરૂ ૧૫ નમઉં સિરનામિ. ૫
નાગેંદ્રાદિક કુલ હુઆં ચ્યારિ, પણિ હુઓ ચંદ્રગચ્છ વિસ્તારિ;
ચંદ્રસૂરિ ૧૬ ચંદ્ર જિમ નિરમલુ, સામંતભદ્રસૂરિ ૧૭ ગુણનિલઉ. ૬
દેવસૂરિ ૧૮ અભિનવ દેવસૂરિ, પ્રદ્યોતનસૂરિ ૧૯ શમસુખપૂરિ;
શાંતિસ્તવકર સૂરિ માનદેવ ૨૦, માનતુંગસૂરિ ૨૧ કૃતસુરસેવ. ૭
વીરાચાર્યસૂરિ ૨૨ જયદેવ ૨૩, દેવાનંદસૂરિ ૨૪ પ્રણમઉં હેવ;
વિક્રમસૂરિ ૨૫ સૂરિ નરસિંહ ૨૬, સમુદ્રસૂરિ ૨૭ ખુંમાણકુલસિંહ. ૮
હરિભદ્રસૂરિ મિત્ર માનદેવ ૨૮, વિબુધપ્રભસૂરિ ૨૯ સારઉં સેવ;
જયાનંદસૂરિ ૩૦ રવિપ્રભ ૩૧ વલી, યશોદેવસૂરિ ૩૨ નમઉં મન રલી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમલચંદ્રસૂરિ ૩૩ સેવન સિદ્ધિ, પ્રદ્યોતનસૂરિ ૩૪ બહુત પ્રસિદ્ધિ;
માનદેવસૂરિ ૩૫ ગુરૂ તસ પાટિ, જ્ઞાનાદિક ગુણનઇ નહીં ઘાટિ. ૧૦
અર્બુદ પરિસરિ ટેલી ગામિ, શુભ મુહૂરતિ વડ વડતરૂ ઠામિ;
આઠ પટોધર ગુરૂ થાપના, કરતાં ભય ભાગા પાપના. ૧૧
વડ ગચ્છ નામ હૂઉં તે ભણી, આજ લગઇ તસ મહિમા ઘણી;
રૂપ શ્રી ગુરૂ શ્રી દેવસૂરિ ૩૬, સર્વદેવસૂરિ ૩૭ નમઉં ગુણભૂરિ. ૧૨
યશોભદ્ર સૂરિ ૩૮ શ્રી નેમિચંદ્ર ૩૯, તસ પટિ પણમઉં શ્રી મુનિચંદ્ર ૪૦;
અજિતદેવ સૂરિ ૪૧ ગરિમાવંત, વાદીદેવસૂરિ ૪૨ અતિ બલવંત. ૧૩
વિજયસિંહ સૂરિ ૪૩ કરઉં પ્રણામ, સોમપભ સૂરિ ૪૪ નઉં લિઉં નામ;
તાસ પાટિ ગુરૂશ્રી મણિરત્ન, સૂરિ ૪૫ સુગુરૂ મંડલિ સિરરત્ન. ૧૪
વડતપ ગછ જલનિધિ ચંદ્રમા, જગચંદ્ર સૂરિ ૪૬ વિમલ આતમા;
સંવત બાર પંચ્યાસી વરસિ, તિણિ તપ ગચ્છ થાપિઉ મનહરસિ. ૧૫
તસ પટિ સૂરિ શ્રી દેવેંદ્ર ૪૭, વિદ્યાનંદ સૂરિ ૪૮ સદા અતંદ્ર;
સુવિહિત યતિ ગુરૂ શ્રી ધર્મઘોષ, ધર્મકીર્તિ ગુરૂ ૪૯ કૃત ગુણપોષ. ૧૬
માલવ મંડલિ મંડપ દુર્ગિ, પૃથ્વીધર સાહુ ગુરૂ સંસર્ગિ;
અડહુત્તરિ જિણહર ઉદ્ધરિ, નિજ સંપદ સુકૃતારથ કરી. ૧૭
સોમપ્રભ સૂરિ ૫૦ તસ પટિ ભલઉં, સોમતિલક સૂરિ ૫૧ ગુણગણનિલઉ;
શ્રી દેવસુંદર સૂરિ ૫૨ મુનિરાય, જ્ઞાનસાગર સૂરિ ૫૩ પ્રણમઉં પાય. ૧૮
શ્રી સોમસુંદર સૂરિ ૫૪ તસ પટધણી, અષ્ટવિધ ગણિસંપદ જસ ઘણી;
મુનિસુંદર સૂરિ ૫૫ અતિ ગુણવંત, રત્નશેખર સૂરિ ૫૬ મહિમાવંત. ૧૯
શ્રી લક્ષ્મીસાગર સૂરિંદ ૫૭, શ્રીસુમતિસાધુ સૂરિ ૫૮ નમઉં મુણિંદ;
હેમવરણ જિમ નિરમલ કાય, શ્રી હેમવિમલ સૂરિ ૫૯ નમઉં મુનિરાય. ૨૦
તસ પટિ ગુરૂ મુનિજન અવતંસ, યુગપ્રધાન સમ જાસ પ્રશંસ;
આનંદવિમલ સૂરિ ૬૦ આનંદકાર, દૂરિ કરિઉ જિણિ સિથિલાચાર. ૨૧
ભવ્ય જીવ પ્રતિબોધ્યા ઘણા, ગીતારથ મુનિની નહિ મણા;
ઉદયવંત જિનશાસન થયઉં, કલીકસમલ સબ દૂરઇં ગયું. ૨૨
વિજયદાન દાયક સપરાણ, શ્રી વિજયદાન સૂરિ ૬૧ શાસનભાણ;
વિજયવંત જિનશાસન કરી, વડલીપુરિ પામિઉં સુરપુરી. ૨૩
સંપ્રતિ વિજયમાન ગુરૂરાજ, તસ પટિ હૂ જિન અવિચલ રાજ;
શ્રી હીરવિજય સૂરિ ૬૨ સુગુરૂ મુણિંદ, તાં પ્રતપઉ જાં મેરૂગિરિંદ. ૨૪
શ્રી આચારિજ પદવી ધાર, શ્રી વિજયસેન સૂરિ ૬૩ ગણધાર;
તસ પટિ વર મણિ તિલક સમાન, ઉદયવંત હૂ યુગહ પ્રધાન. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ધરમસાગર ઉવઝાય પ્રધાન, વિમલહરષ નિરમલ અભિધાન;
કલ્યાણવિજય ગુરૂ કરઇ કલ્યાણ, ત્રિણિ ઉવઝાય ગછિ મેરૂ સમાણ. ૨૬)
શ્રી વિજયહંસ પંડિત ધુરિ લીહ, ઇમ અનેક પંડિત મુનિસીંહ;
સુવિહિત સાધુ સાધવી જેહ, દિનિ દિનિ ઉદયવંત હુ તેહ. ૨૬
તપગચ્છ ગુરૂની ગુરવાવલી, ભગતિ ભણત પુહુતી મન રલી;
અનુક્રમિ અનુક્રમિ લેઇ નામ, વિનયસુંદર કરઇ તાસ પ્રણામ. ૨૭

ઇતિ શ્રી તપાગચ્છ ગુર્વાવલી સ્વાધ્યાય સંપૂર્ણ.

લિખિત---પં૦ વિનયસુંદરગણિભિર્વિદ્યાપુરે.

ઉપરની ૨૬ મી કડી કૌંસમાં મૂકેલ છે તે કર્ત્તાએ × આમ ૨૫ મી કડી પાસે નિશાની કરી છેવટે ઉમેરી છે. હીરવિજયસૂરિ અને તેમના પટધર શિષ્ય વિજયસેનસૂરી વિદ્યમાન હતા ત્યારેજ આ સઝાય રચાયેલી છે, એ સ્પષ્ટ સમજાય તેવું છે. હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા તે પહેલાં આ સ્વાધ્યાય રચાયેલ છે. તે વખતે ધર્મસાગર, વિમલહર્ષ અને કલ્યાણ-વિજય એ ત્રણ ઉપાધ્યાયો અને વિજયહંસ પંડિત અગ્રણી હતા, એવું કવિ વિનયસુંદર જણાવે છે. આ સઝાય વિદ્યાપુરમાં કવિએ પોતેજ લખેલ છે, તે વિદ્યાપુર તે વીજાપુર ( ગાયકવાડનું ) જણાય છે.

# વૈરાગ્યની ચાવીઓ.

( હિંદી ઉપરથી અનુવાદક-રાજપાળ મગનલાલ )

હિંદી ભાષામાં “ ધર્મ તત્ત્વ સંગ્રહ ” એ નામનું પુસ્તક એક જૈન મુનિ-રાજે બનાવેલ છે. તેમાં દશ પ્રકારના યતિધર્મનો ઘણોજ સારો સમાવેશ કરેલ છે. તેના છુટક છુટક પ્રકરણોપરથી મેં આ અનુવાદ કરેલ છે. તે પુસ્તકની ગુજરાતીમાં પણ આવૃત્તિ પ્રગટ થયેલ છે. એવી જાહેર ખબર ૪-૫ વર્ષ પહેલાંના એક માસિકના અંકમાં જોવામાં આવી છે.

૧ કેટલીક ગાળોનો ભાવાર્થ ઘણોજ ઉત્તમ હોય છે. સજ્જનોએ તો કોઇ ગાળ આપે તો સવળો અર્થ લેવો ઘટે છે. દ્રષ્ટાંત–

‘ કર્મહીન-અકર્મી ’ એવી કોઇ ગાળ દે તો વિચારવું કે એ માણસ મને સિદ્ધિપદે સ્થાપે છે, કેમકે સર્વ કર્મ કોના લય થયા હોય ? શ્રી તીર્થંકર દેવ વિગેરે મહાપુરૂષોના. તો તે માણસ મને પણ તે પદે સ્થાપે છે. આમ સવળો ભાવાર્થ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી કોઇ 'સાલો' કહે તો વિચારવું કે 'તે પુરૂષની સ્ત્રી મારે ભગિની થઇ, કેમકે પવિત્ર પુરૂષોને તો પરસ્ત્રી સદાય ભગિનીજ છે, તો તે માણસે મને પવિત્ર તરીકે ઓળખાવ્યો.

૨ કૃપણ લોકની લક્ષ્મી પુત્રીતુલ્ય છે અને ઉદાર જનની લક્ષ્મી સ્ત્રી તુલ્ય છે. પિતા પુત્રીનું સારી રીતે રક્ષણ કરે છે અને ભોગવે છે બીજો કોઇકજ; તેમ કૃપણની લક્ષ્મીને પણ પુત્ર-રાજા-ચોર--અગ્નિ-જળ વિગેરે ભોગવે છે, ત્યારે ઉદાર પુરૂષો સ્વહસ્તેજ તે લક્ષ્મીનો સદુપયોગ કરી આ લોકમાં અને પરલોકમાં શાન્તિ-સુખ પામે છે.

૩ ક્રોધ છે તે વિષથી પણ વધારે ખરાબ છે, કેમકે વિષ ખાવાથી તો એક વખતજ મૃત્યુ થાય છે; પરંતુ ક્રોધ રૂપી વિષ-સેવનથી તો અનંત જન્મ મરણ કરવા પડે છે એથીજ ક્રોધ મહા દુઃખદા કહેવાય છે.

૪ મનુષ્યો કહે છે કે અમારે સુખ જોઇએ. કુટુંબીઓ-પુત્ર-પુત્રી-સ્ત્રી-માતા-બ્હેન--પિતા-પૈસો એ સર્વેનું મારે સુખ જોઇએ; પરંતુ તેને ખબર નથી કે જેમ જેમ કામળી ભીંજાતી જાય છે તેમ તેમ તેનો ભાર વધારે થતો જાય છે અને ઉપાડવામાં વધારે તકલીફ પડે છે, તેમ સગા સંબંધીઓ પૈસા વિગેરે જેમ વધે છે તેમ આપણને ભાર રૂપ થાય છે; અને છેવટે સંસારસાગરમાં તારવાને બદલે ડુબાડે છે, તેથી તે મમત્વ ઓછો કરવાને માટે નિત્ય અનિત્ય ભાવના ભાવવી.

૫ એક નદીના તટપર 'ઓક' નામનું બહુ ભારે વૃક્ષ હતું અને બીજા પણ સેંકડો રામસરો [ નાના નાના છોડવાઓ ] પણ હતા. એક દિવસ પવનના તોફાનથી એ ઓક વૃક્ષ મૂળમાંથી તુટી પડ્યું અને નદીનાં જળમાં ખેંચાતું ચાલ્યું. ચાલતાં ચાલતાં એની દ્રષ્ટિ રામસરોની તરફ ગઈ અને એ સર્વે રામસરાને ટટ્ટાર દેખી તે વૃક્ષ બોલ્યું કે "અરે ક્ષુદ્રો ! જબરજસ્ત 'ઓક' ને પણ પવન અને નદી બન્ને ખેંચી જાય છે તો શું તમારા જેવા ક્ષુદ્રોને પકડવાની આ નદીમાં અને પવનમાં તાકાત નથી ?" નમ્ર રામસરોએ જવાબ દીધો કે "હાજી ! મહેરબાન ! જ્યારે પવનના ઝપાટા અમારી તરફ આવે છે ત્યારે અમે સર્વે નીચા નમી જઇએ છીએ અને પવન અમારા શીરપર થઇ ચાલ્યો જાય છે; તેથી જેઓ તે વખતે નમતા નથી, અભિમાની-અક્કડ થઇ ઉભા રહે છે તેને તે ખેંચી જાય એમાં નવાઇ જેવું શું છે ? કહ્યું છે કે—

નમે સો આંબા આંબલી, નમે સો દાડમ દ્રાક્ષ;
એરંડ બીચારા ક્યા નમે, જીનકી ઓછી શાખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમન્તિ સફલા વૃક્ષાઃ, નમન્તિ સજ્જના જનાઃ;
મૂર્ખ શૂષ્કં ચ કાષ્ટં ચ, ન નમન્તિ કદાચન. ॥ ૧ ॥

૬ હે જીવ ! તું જાજરૂમાં જાય છે ત્યારે તને ત્યાં વધારે વખત રહેવાનું પસંદ છે ? શા માટે પસંદ નથી તેનો વિચાર કર.

[ ઉપરનું વાક્ય શું કારણથી લખાયેલ છે તે વાંચકોએ વિચારવું, કારણ એ છે કે ત્યાં જેમ અશુચિ ને દુર્ગંધ છે તેમ તારા શરીરમાં અને માતાના ઉદરમાં પણ તે છે. ]

૭ જેમ જળમાંથી ઉત્પન્ન થનાર કમળ સદાય જળથી ભિન્ન રહે છે, તેમ આ દેહમાં બિરાજતો આત્મા પણ સર્વ પુદ્ગલોથી ભિન્ન છે, એમ સમજી સંસારમાં ગતિ કરવી.

૮ કોઈ એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા ગયો. ત્યાં જઈને તેણે કપડા ઉતારી નહાવાને માટે ડુબકી મારી. વિવેકી વાંચકો ! વિચાર કરો કે તે માણસના શરીરપર કેટલું પાણી આવેલ છે ? ઉત્તરમાં સૌ "હજારો મણ" કહેશે. એટલું પાણી તેના શરીરપર છે છતાં તેને ભાર લાગે છે કે કેમ ? ઉત્તરમાં સૌ "ભાર નથી લાગતો" એમજ કહેશે. હવે તે માણસ સ્નાન કરી, કપડા પહેરી, સમુદ્રના જળમાંથી પાણીનો ઘડો ભરી માથે ઉપાડી ચાલતો થયો. હવે "તેને ભાર લાગે છે કે નહીં ?" ઉત્તરમાં "ભાર લાગે છે" એમજ કહેવાશે. ભાવાર્થ ખુલ્લોજ છે કે "જ્યાં સુધી પાણી પરાયું હતું ( તેમાં તેનો સ્વાર્થ ન હતો ) ત્યાં સુધી ભાર ન જણાયો અને જ્યારે તે પાણીને ઘેર લઈ જવાનો સ્વાર્થ લાગ્યો ત્યારે માત્ર ૭-૮ રતલ પાણી પણ તેને ભારે જણાયું !" વાંચકો ! ભાર શેનો ? પાણીનો કે મમત્વનો ? અમે તો કહીશું કે "મમત્વનો ! મમત્વનો ! ! મમત્વનો ! ! !" માટે સ્વાર્થ પાછળ, દુષ્ટ વ્યસનો પાછળ, અભિમાન પાછળ શત્રુ થઈનેજ પડો અને તમારો અંતરાત્મા તે કાર્યમાં તમને સહાયભૂત થાઓ. અસ્તુ !

# જ્ઞાનીઓનાં સુવર્ણવચનોની માળા.

૧ નીચ કુળથી ઉત્પન્ન થયેલી દુષ્ટ આચરણવાળી સ્ત્રીથી અને ધર્મભ્રષ્ટ થયેલા રાજાથી શું શું અધર્મો નથી થતા !

૨ સર્પની દાઢમાં, માખીના માથામાં, વીંછીની પુંછડીમાં, અને દુર્જનના આખા શરીરમાં ઝેર રહેલું હોય છે.

૩ માણુસની જીંદગી આશા, ભય, આનંદ, શોક, સુખ અને દુઃખથી ભરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ એક સારી સ્રી અને એક સારી ચોપડી એ બંને જે તેની ખરી કદર બુઝી શકે છે તેને માટે શ્રેષ્ઠ સોબતીઓ છે.

૫ નિર્મળ અંતઃકરણ એ ઇશ્વરની મહેરબાની ભરેલી બક્ષિશ છે.

૬ હરકોઈ દરજ્જાનો અધિકાર મેળવવો કઠણ નથી, પરંતુ તે મળ્યા પછી તેને જાળવી રાખવો અને શોભાવવો તેમાંજ અધિકારીની ખરી પરીક્ષા છે.

૭ ઘેલછા, જેમ તેમ બોલવું અને પડી જવું-એ સન્નિપાતના સર્વ લક્ષણ બતાવનારૂં ખરેખરૂં દર્પણ મદ્યપાનજ છે.

૮ નદી કીનારા ઉપરનું વૃક્ષ, પારકે ઘેર ભટકનાર સ્રી, અને ડાહ્યા પ્રધાન વગરનો રાજા જલદી નાશ પામે છે.

૯ કાગડામાં પવિત્રતા, જુગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, યુવાવસ્થામાં કામશાન્તિ, બીકણમાં ધૈર્ય, મદિરાપાનીમાં વિવેક અને રાજામાં મિત્રતા અસંભવિત છે.

૧૦ બુરામાંથી સારૂં ફળ મળે તો પણ તે પરિણામે સારૂં રહેતું નથી, કારણકે જેમાં વિષ મળેલું છે તેવું અમૃત પણ મોતનું કારણજ થાય છે.

સંગ્રાહક-ચુનીલાલ સોભાગ્યચંદ, ડીશાકાંપ.

# શ્રી જામનગર જૈન બોર્ડીંગમાં ઇનામનો મેળાવડો.

તા. ૬-૪-૧૯૨૪ ના રોજ જામનગરમાં શ્રી જૈન વિદ્યાર્થી ભુવનનો ઇનામનો મેળાવડો ભુવનના મકાનમાં નેકનામદાર મહારાજા જામસાહેબના અધ્યક્ષપણા નીચે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નેકનામદાર મહારાજા સાહેબની સાથે મુળીના ઠાકોર સાહેબ પણ પધાર્યા હતા. તેમજ માનદ મંત્રીઓ, રાજ્યના ચુનંદા અધિકારીઓ, શહેરના સંભાવિત સદ્‌ગૃહસ્થો તથા જૈન સંઘના શિષ્ટ જનો મળી ઘણા શખ્સોએ હાજરી આપી હતી. તેમજ બહાર ગામથી શેઠ પોપટલાલભાઇના સ્નેહી વઢવાણવાળા શેઠ ચુનીલાલ રઘુભાઇ તથા અમદાવાદ વાળા ફોટોગ્રાફર મગનલાલ હરજીવનદાસ આવ્યા હતા. ભુવનને સુંદર ધ્વજાપતાકાથી શણગારવામાં આવ્યું હતું. રાજ્ય તરફથી તંબુ, વાવટા, ધ્વજા પતાકા, સોના ચાંદીની ખુરશીઓ, બીછાનાઓ અને રંગબેરંગી વિવિધ જાતનાં પુષ્પનાં કુંડાં વિગેરે ઘણો સામાન આપવામાં આવ્યો હતો. જેથી મેળાવડો ઘણો દબદબા ભરેલો થયો હતો. શરૂઆતમાં આ ભુવનના સંસ્થાપક અને તેના પાલક પિતા શ્રીયુત્ શેઠ પોપટલાલ ધારશીભાઇએ મહારાજાસાહેબના સન્માનાર્થે સમયાનુસાર નજરાણું કર્યાબાદ મેળાવડાનું કામકાજ ચાલુ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિમાં ભુવનના વિદ્યાર્થીઓએ પંચપરમેષ્ટીની સ્તુતિ કરી મહારાજાના અભિનંદન માટે શ્લોક કહી મુબારકબાદીનું સંગીત રાજકવિ કેશવલાલ શ્યામજીનું બનાવેલું ગાયું હતું. ત્યારબાદ ભુવનના સુપ્રીન્ટેન્ડેન્ટ મી. શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆએ જણાવ્યું કે–' આ સંસ્થા ઉદ્દઘાટનની શુભ ક્રિયા નેક નામદાર મહારાજાના શુભ હસ્તે કરવામાં આવેલી છે; તેથી તેઓશ્રીના ઉપકારની લાગણીથી આકર્ષાઇ તેઓશ્રીને અભિનંદન આપવા માટે અને વિદ્યાર્થીઓને કેળવણીની વૃદ્ધિઅર્થે નામદાર મહારાજાના મુબારક હસ્તે ઈનામો અપાવવા માટે આજનો આ શુભ સમારંભ કરવામાં આવ્યો છે. જગતમાં માનુષિક ઉન્નતિમાં બુદ્ધિ અને સદ્દવર્ત્તન એ બે પ્રબળ સાધનો છે, કે જેના વહનથી મનુષ્ય પોતાનું જીવન ઉન્નત કરી શકે છે. આપણા નેક નામદાર મહારાજા સાહેબ બુદ્ધિ અને સદ્દગુણની મૂર્ત્તિ છે.' ઈત્યાદિ કહ્યા બાદ જિનાલયો તેમજ ઉપાશ્રયો માટે જે જે સગવડો તેઓ સાહેબ તરફથી મળી છે ને મળે છે તે માટે જૈન કોમ તરફથી તેઓ નામવરનો પૂર્ણ આભાર માન્યો હતો તથા શ્રીયુત્ શેઠ પોપટલાલ ધારશીભાઇએ રૂપીઆ દોઢ લાખ ખર્ચી આ વિદ્યાર્થીભુવનની સ્થાપના કરી છે, તદુપરાંત તેનો નિર્વાહ પોતે ચલાવે છે તેને માટે તેમનો જૈન કોમ તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

પ્રાંતે કહ્યું કે–" આ સંસ્થાનો હાલ ૩૨ વિદ્યાર્થીઓ લાભ લે છે. ગત વર્ષમાં ૨૪ વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં બેઠા હતા, તે પૈકી ૪ નવા વિદ્યાર્થીઓ સિવાય બાકીના બધા ઉપલા ધોરણમાં ચડ્યા છે. આ સંસ્થા ચાલુ થયે વીશ માસ થયા છે; તે દરમ્યાન ખર્ચ રૂ. ૭૮૬૦) થયેલ છે. જે જે સદ્દગૃહસ્થો તરફથી આ સંસ્થાને કેળવણી નિમિત્તે પૈસાના તેમજ સામાનના રૂપમાં જે જે મદદો આપવામાં આવેલી છે, તેમજ જે જે સંભાવિત સદ્દગૃહસ્થો તરફથી જમણો આપવામાં આવેલાં છે, તેમજ જે જે બંધુઓ પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપી અત્રે પધારી અમોને કિંમતી સૂચનાઓ આપી ગયા છે, તેમજ જે જે સદ્દગૃહસ્થો તેના કાર્યમાં મદદ આપે છે, તે સર્વ સદ્દગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે. "

ત્યાર બાદ ભુવનના વિદ્યાર્થીઓએ મેવાડના મુગટમણિ પ્રતાપરાણાને રાજરત્ન ભામાશાએ ખરા અણીના પ્રસંગે પોતાનું અતુળ દ્રવ્ય ખરચી કરેલી રાજ્યભક્તિનો સંવાદ ભજવી બતાવ્યો હતો. વિદ્યાર્થી કાનજી ખેતશીએ ઉન્નતિના વિષય ઉપર ભાષણ કર્યું હતું, અને તદર્થે કેળવણી અને તંદુરસ્તી જેવા માર્ગોની અભિવૃદ્ધિ કરવા જણાવ્યું હતું. ખુદ મહારાજાધિરાજની આ વિષયો પરત્વે અનન્ય પ્રીતિ અને લાગણીના લાક્ષણિક દ્રષ્ટાંતો આપી તે વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશે પરત્વે તેમને હૃદયાંતર્ગત પ્રેમ સૂચવ્યો હતો. ત્યાર બાદ નેક નામદાર મહારાજાએ આ સંસ્થાની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી, તે માટે આભાર માની જણાવ્યું કે 'અમારા પિતૃતુલ્ય શેઠ પોપટલાલભાઈએ લક્ષ્મીને હાથના મેલ-સમાન ગણી રૂપિયા દોઢ લાખની ઉદાર રકમ ખરચી અમારી જૈન કોમ ઉપર ઘણો ઉપકાર કરેલ છે. તે માટે અમો સર્વે જૈન વિદ્યાર્થીવર્ગ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.' એટલું કહી મહારાજા સાહેબનો જય બોલી તેમની મુબારકબાદી ઈચ્છી પોતાની જગ્યા લીધી હતી.

ત્યાર બાદ આ સંસ્થાના પાલક પિતા શેઠ પોપટલાલ ધારશીભાઈએ નમ્ર શબ્દોમાં નેક નામદાર મહારાજા સાહેબને ઇનામો આપવાની વિજ્ઞપ્તિ કરતાં નામદાર મહારાજા સાહેબે વિદ્યાર્થીઓને ઇનામો આપ્યાં હતાં. ત્યાર બાદ મહારાજા સાહેબની ઇચ્છાથી તેમના માનદ મંત્રી મહાશય શ્રીયુત્ ગોકળભાઈ સાહેબે જણાવ્યું કે "આ સંસ્થા ટુંક વખતમાં આટલી આગળ વધેલી જોઈ મને તેમજ મહારાજા સાહેબને પરમ સંતોષ થયો છે. વિદ્યાર્થીઓએ જે સંતોષકારક કામ કરી બતાવ્યું છે તે ઉપરથી તેમાં અપાતા શિક્ષણનો ખ્યાલ આવી શકે છે. આ સંસ્થાનું સઘળું ખર્ચ શેઠ પોપટલાલભાઈ આપે છે તેની મને હમણાજ ખબર પડે છે. અને તેથી મારા આનંદમાં અધિક વૃદ્ધિ થાય છે. મકાનો તો ઘણા શખ્સો બંધાવે છે, પરંતુ સાથે તેનો નિર્વાહ ચલાવનાર કોઈ જવલ્લેજ વ્યક્તિ હોય છે. શેઠ પોપટલાલભાઈ જેવા માણસે આ સંસ્થા હંમેશ માટે નભે તેવી ગોઠવણ કરી હશે એમ હું ધારૂં છું, અને ગોઠવણ ન કરી હોય તો કરશે એમ ઇચ્છું છું. તેમના આ સ્તુત્ય પ્રયાસને માટે તેમને ધન્યવાદ ઘટે છે. અન્ય શ્રીમંત વર્ગે પણ આનું અનુકરણ કરવું જોઈએ. મહારાજા સાહેબની ઇચ્છાથી હું જાહેર કરૂં છું કે--આ સંસ્થાને દર વરસે રૂ. ૧૨૦) નું વર્ષાસન આપવામાં આવશે. અને આજે વિદ્યાર્થીઓને જે રકમનું ઇનામ મળ્યું છે, તેટલી બીજી રકમ મહારાજા સાહેબ તરફથી ઇનામ માટે ભેટ આપવામાં આવે છે."

ત્યાર બાદ ઉપકારની દરખાસ્ત મુકતાં વકીલ સંઘરાજ નેમચંદે જણાવ્યું કે "નામદાર મહારાજા સાહેબ તેમજ નામદાર મૂળીના ઠાકોર સાહેબ પોતાના અમૂલ્ય વખતનો ભોગ આપી અત્રે પધાર્યા છે, તે માટે અમારી જૈનકોમ તેમનો અતિશય ઉપકાર માને છે. આ સંસ્થાને આજે બે વર્ષ પૂર્ણ થયાં છે. આજ રોજ નામદાર જામસાહેબને અધ્યક્ષ સ્થાને બિરાજેલા જોઇ અમોને પારાવાર આનંદ થાય છે, મહારાજા સાહેબને કેળવણી પ્રત્યે અપૂર્વ પ્રેમ છે, અને તદર્થે છુટથી દ્રવ્યનો ઉપયોગ કરે છે. તે અત્રેની કેળવણીપ્રદ સંસ્થાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ અત્રેની પારમાર્થિક સંસ્થાઓ ઉપરથી માલૂમ પડે છે. આવી બોર્ડીંગો જમાનાનુસાર પ્રજાની કલ્યાણજનક છે તેથી દરેક કોમે તે ઉપર લક્ષ્ય આપવાની જરૂર છે." એટલું બોલી મહારાજા સાહેબનો ઉપકાર માની પોતાની જગ્યા લીધી હતી. ત્યારબાદ વકીલ ઝીણાભાઈ ભગવાનજીએ સદરહુ દરખાસ્તને ટેકો આપ્યો હતો.

ત્યારપછી વિદ્યાર્થીઓએ કરી બતાવેલા કસરતના પ્રયોગોથી પ્રસન્ન થઈ મહારાજા સાહેબે તેમને રૂા. ૫૦ ) ઇનામ તરીકે આપ્યા હતા. બાદ ફુલતોરા વહેંચાયા હતા, અને મેળાવડો બરખાસ્ત થયો હતો.

## ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં

# જૈન વિભાગ.

તા. ૧૮-૧૯--૨૦ એપ્રીલ માસમાં ભાવનગર ખાતે રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના પ્રમુખપણા નીચે સદરહુ પરિષદ્ ભરાયેલી હતી. તેમાં જૈન વિભાગ ખાસ જુદો રાખવામાં આવ્યો હતો. તે વિભાગના પ્રમુખ રા. રા. ફત્તેહચંદ કપુરચંદ લાલન અને સેક્રેટરી રા. કુંવરજી આણંદજી હતા. તે વિભાગ માટે જૈન વિદ્વાનો (મુનિ અને ગૃહસ્થો) પાસેથી નિબંધો (લેખો) મંગાવતાં પ્રમુખ સાહેબના ભાષણ ઉપરાંત બીજા ૨૨ લેખો આવ્યા હતા. તેમાંથી ૯ લેખો (નીશાનીવાળા) પરિષદ્ સમક્ષ વંચાયા છે. બાકીના વાંચેલ ગણવામાં આવ્યા છે. પ્રમુખનું ભાષણ '**જૈન સાહિત્યની હિતાવહ દિશા**' વિષે હતું. બાકીના ૨૨ લેખોના લેખક ને વિષય નીચે પ્રમાણે હતા.

૧ પંડિતજી સુખલાલજી. જૈન ન્યાયનો ક્રમિક વિકાસ.

૨*શા. કુંવરજી આણંદજી. કર્મ સંબંધી જૈનસાહિત્ય.

૩*પંડિત લાલચંદ ભગવાન. પ્રાચીન ગુજરાતી જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.

૪*રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર. પાદરા

શ્રીમાન્ દેવચંદ્રજી અને તેમનું ગુજરાતી સાહિત્ય.

૫*ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ભાવનગર

જૈન રાસાઓમાં ગુજરાતી ભાષાનું પ્રથમ સ્થાન.

૬ શાહ ફત્તેચંદ ઝવેરચંદ. ભાવનગર

જૈન દર્શન તુલનાત્મક દૃષ્ટિએ

૭*માસ્તર માવજી દામજી મુંબઈ

ગુજરાતી જૈનસાહિત્ય ને તેનો ઇતિહાસ

૮ શાહ ફુલચંદ હરીચંદ. આશા

પાશ્ચાત્ય વિદ્વાનો ને જૈનસાહિત્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯*શા. શા. જગજીવન કાળીદાસ. પાઠક. પોરબંદર

જૈન દર્શનનો અન્ય દર્શન સાથે મુકાબલો

૧૦--૧૨ શા. શા. ગોકળદાસ નાનજીભાઇ. ગાંધી. રાજકોટ.

૧૦*જૈનધર્મનું રહસ્ય.

૧૧ જૈન સૂત્રોનુ દિગ્દર્શન ૧૨ ગુજરાતી ભાષા અને જૈનો.

૧૩*શા. શા. મોહનલાલ દલીચંદ. દેશાઈ. મુંબઇ

કવિવર સમયસુંદર.

૧૪*શા. શા. શીવજીભાઇ દેવશી મઢડા

જૈન અને ગુજરાતી સાહિત્ય.

૧૫ થી ૨૦ મુનિરાજશ્રી ન્યાયવિજયજીના લેખો. ૬

જૈન આચાર્યો, જૈન કવિઓ, જૈન દાનવીરો.

જૈન રાજાઓ. જૈન મંત્રીઓ. જૈન ભૂગોળની હિંદુ ભૂગોળ સાથે સરખામણી

૨૧ મુનિરાજશ્રી દર્શનવિજયજી. જૈન મંત્રીઓ.

૨૨ મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી. જૈન તીર્થોનો ઇતિહાસ.

ઉપરના તમામ લેખો પરિષદ્‌ના રિપોર્ટમાં છપાવાના છે. આ વખત જૈનોએ સારો ભાગ લીધો છે, હવે પછી જ્યારે જ્યારે પરિષદ્ મળે ત્યારે વધારે વધારે ભાગ લેવાની જરૂર છે અને આપણું ગુજરાતી સાહિત્ય ઘણા મોટા પ્રમાણમાં છે તે સાહિત્ય પરિષદ્‌ને અને અત્યારના ગુજરાતના વિદ્વાન્ વર્ગને બતાવી આપવાની આવશ્યકતા છે.

## છાણી સમાચાર.

છાણી મુકામે શ્રીમદ્ વિજયકમલ સૂરીશ્વરજીના પ્રમુખપણા નીચે જગતપ્રભુ શ્રીમાન્ મહાવીરસ્વામીની જયંતિનો મેળાવડો થયો હતો. તેમાં જ્ઞાનના મહિમાનું વર્ણન થતાં આચાર્યશ્રીના ઉપદેશથી છાણીના વતની શા. સાકરભાઇ ચીમનલાલની માતુશ્રી હીરાકુંવરે રૂા.૬૦૦૦) પાઠશાળા ચલાવવામાં આપ્યા હતા. તે પાઠશાળા શેઠ મૂળચંદભાઈ ગરબડદાસના નામથી સ્થાપન કરવામાં આવી છે. આ કામમાં ઘોઘા વાળા મુનિમહારાજશ્રી નરેંદ્રવિજયજીએ ઘણો શ્રમ ઉઠાવ્યો હતો અને સદરહુ રૂપિયાની વ્યવસ્થા કરવા માટે પાંચ શેઠીઆ નીમવામાં આવ્યા હતા. વળી પાટણના સદ્ગૃહસ્થ શેઠ નગીનદાસ પધારેલા તેમણે પણ સૂરીશ્વરજીના ઉપદેશથી રૂા. ૫૦૦૦) પુસ્તક લખાવવામાં તથા રૂા. ૧૦૦) જ્ઞાનમંદિરમાં તથા રૂા. ૫૧) પાંજરાપોળમાં આપી પોતાની ઉદાર વૃત્તિ દર્શાવી હતી અને તે ગ્રહસ્થે ચૈત્ર વદિ ૧ ના રોજ સ્વામી વાત્સલ્ય કરી સંઘભક્તિ કીધી હતી. છાણીનો સંઘ શ્રીમાન્ સૂરીશ્વરજીના ઉપકારથી આભારી છે.

શા. કેશરીચંદ છોટાલાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્ય સેવા.

(અનુસંધાન પુ. ૩૯. અંક ૧૨-પૃષ્ટ ૩૯૨ થી)

આ વિષયપર ઘણો વિચાર કરવા યોગ્ય છે. તે હાથ ધરવા પહેલાં ગત વર્ષના પૃષ્ટ ૩૯૦ ના આ લેખના એક વાક્ય સંબંધી સ્પષ્ટતા કરવાની જરૂર છે. છપાયેલ વાક્ય નીચે પ્રમાણે છે.

" આ સાહિત્યના વિષયમાં ઘણા કારણે ઘણાઓને બહુ ગેરઇનસાફ થયો છે, અને એના ભકતો જ્યાં સુધી એ બાબત યોગ્ય રીતે હાથ ધરે નહિ ત્યાં સુધી એ સ્થિતિમાં ફેરફાર થવાનો સંભવ ઓછો છે."

આ વાકય 'ઘણું' અનિશ્ચિત છે. મારા અસલ ઉલ્લેખમાં 'ઘણાઓને' એ શબ્દને સ્થાને 'જૈનોને' એવો શબ્દ વપરાયેલો હતો. તે અસલ લેખ મોજુદ છે. મારૂં દૃષ્ટિબિન્દુ તંત્રીશ્રીના લક્ષ્યમાં ન આવવાથી તેમણે ફેરફાર કરી ઘણાઓને એ શબ્દ દાખલ કર્યો જણાય છે. મારૂં વકતવ્ય એ હતું કે ચોક્કસ કારણોને લઇને આખા જૈનસાહિત્યને (જૈનેતર સાક્ષરોને હાથે) ઘણો ગેરઇનસાફ થયો છે અને તે ગેરઇનસાફ દૂર કરાવવાનો એક મુદ્દામ રસ્તો જૈનસાહિત્યરસિકોએ કાર્ય હાથ ધરવામાંજ રહેલો છે અને એમ જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી વર્તમાન સ્થિતિમાં ફેરફાર થવાનો સંભવ ઓછો છે.

આજુબાજુના વિચારો વાંચવાથી આટલા ફેરફાર સાથે મારો લેખ સમજવા યત્ન કરવામાં આવશે તો આ વિચાર બરાબર બેસતો આવશે અને આખા વાકયની અનિશ્ચિતતા દૂર થશે,

આ મારા અભિપ્રાયને હાલમાંજ પૂરાવો મળ્યો છે. ચૈત્ર શુદ ૧૪-૧૫ અને વદ એકમે ગુજરાતી સાક્ષરોની **ગુજરાતી સાહિત્ય પરિષદ્** શ્રી ભાવનગર મુકામે મળી હતી, ત્યાં આ વખતે જૈન સાહિત્યને એક જૂદા વિભાગનું સ્થાન આપવા કરાયલી કોશીશ ફતેહમંદ થઇ હતી; છતાં જૈનોનાં લેખોનાં વાંચન વખતે શ્રોતાઓમાં જે અકળામણ જોવામાં આવતી હતી તેથી જૈનસાહિત્યને કેટલો ઇનસાફ થયો છે અને થાય છે તેનો જ્વળંત પૂરાવો મળતો હતો. ઘણા ખરા શ્રોતાઓ જાણે જૈનસાહિત્યને સ્થાન મળે, પરિષદમાં તે પર ચર્ચા કે વિચારણા ચાલે તેથી નારાજ હોય એમ સ્પષ્ટ જણાઈ આવતું હતું.

જૈન સાહિત્યને સ્થાન આપવામાં પરિષદ્ જાણે સાહિત્યની ચર્ચા કરનાર મંડળ હોવાને બદલે એક ધાર્મિક પરિષદ્ હોય તેવી થઇ જતી તેમની નજરમાં લાગતી હતી, અને લગભગ પ્રત્યેક જૈન વકતા અત્યાર સુધી જૈનોને થયેલ ગેર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈનસાફ તરફ ફરિયાદ કરતા હોય એવા આકારમાં પોતાનો કેસ રજુ કરતા રહ્યા હતા. સમાજની નજરે આ સ્થિતિ જરા પણ પસંદ કરવા યોગ્ય નજ ગણાય. આવાં કારણો તપાસવાં તે અત્યારે આપણો યુગધર્મ ગણાય.

સંસ્કૃતમાં ' સાહિત્ય ' શબ્દ અસલ ઘણા સંકુચિત ક્ષેત્રમાં વપરાતો હતો. કાવ્ય કોનું નામ કહેવાય? કાવ્યમાં રસોના પ્રકાર કેટલા છે? સ્થાયી ભાવો કયા કયા છે? શબ્દાલંકાર, અર્થાલંકાર, પદલાલિત્ય વિગેરેના મોટા-મોટા ભેદો કેવા થાય છે? તે સર્વપર જે ગ્રંથ અજવાળું પાડે તેને **સાહિત્યનો** ગ્રંથ કહેવામાં આવતો હતો. કાવ્ય પ્રકાશ, અલંકાર ચૂડામણિ, રસગંગાધર વિગેરેને સાહિત્યના ગ્રંથો આ દૃષ્ટિબિન્દુથી કહેવામાં આવતા હતા. ટુંકામાં કહીએ તો પદ્ય કે ગદ્ય કાવ્યનું વૈજ્ઞાનિક પ્રથક્કરણ તે ' સાહિત્ય. ' આવો ભાવ સમજાતો હતો.

ઉપરનો અર્થ **સાહિત્યને** સંકુચિત અર્થમાં બતાવે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ્ થતાં સાહિત્યના અર્થપર ઘણી વિચારણા ચાલી હતી, અનેક લેખો સામસામા લખાયા હતા, છેવટે આખા ભાષાબંધારણને **સાહિત્યના** વિસ્તૃત અર્થમાં ગણવાનું ઠરાવવામાં આવ્યું હતું. આથી કાવ્યની વૈજ્ઞાનિક વિચારણાના ઉપર જણાવેલા સંકુચિત અર્થ ઉપરાંત સાહિત્યમાં કાવ્યનો, વિજ્ઞાનનો, ઈતિહાસનો, નાટકનો, ગદ્યપદ્યનો અને ટુંકામાં કહીએ તો આખા ભાષાબંધારણનો સમાવેશ કરવામાં આવ્યો. આ વિસ્તૃત અર્થમાં વાંચનમાળા, જોડણીના નિયમો, પુરાતત્ત્વની શોધખોળો, કવિઓનાં જીવનચરિત્રો, ગુજરાતનો અને ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, સર્વ લલિત કળાઓનાં વિવેચનો વિગેરે કોઇ પણ વિચારો બતાવવાના અને તપાસ કરવાના નિર્મર્યાદિત ક્ષેત્રનો સમાવેશ થઇ ગયો છે. હવે તો સાહિત્ય પરિષદ્‌માં ગુજરાતી ભાષાનો કયો વિષય ન લઇ શકાય તે મુકરર કરવું પણ મુશ્કેલ પડે છે, પણ કોઇ પણ જાતના વાંધા વગર ઈતિહાસ અને કાવ્ય ગુજરાતી ભાષામાં હોય તેનો તો સમાવેશ આ ક્ષેત્રમાં થાય જ છે; એ સંબંધમાં જરા પણ મતભેદ નથી.

હવે આપણે ઉપરના વિસ્તૃત અર્થનો વિચાર કરીએ છીએ ત્યારે જૈન સાહિત્યનો વિભાગ સાહિત્યપરિષદ્‌ના કાર્યક્ષેત્રમાં આવે છે કે નહિ ? તેનો વિચાર કરીએ.

સાહિત્યપરિષદ્‌ની આ બેઠકે જૈન સાહિત્યનો એક વિભાગ દાખલ કરી ઉપરના સવાલનો નિર્ણય કરી નાખ્યો ગણાય, પણ તેમ છતાંએ આ અધિવેશનનાં જૈનેતર વર્ગમાં તત્સંબંધે કાંઇ અક્ષમ્ય વૃત્તિ જોવામાં આવી તે ખેદજનક પરિણામ જણાય છે. જૈન સાહિત્યને " જૈન " ધર્મના અંગ ત-

For Private And Personal Use Only

રીકે સાહિત્યપરિષદ્‌માં સ્થાન આપવાનો કોઇનો દાવો નથી, પણ સાહિત્યના અંગ તરીકે સ્થાન માગવાનો તેનો હક્ક છે. આ દૃષ્ટિ જો રાખવામાં આવે તો સહિષ્ણુતા થઇ શકે તેમ જણાય છે. આ વિચારને હવે આપણે સાહિત્યક્ષેત્રમાં વિસ્તારથી જણાવવાનો રહે છે. ધર્મના અંગને અહીં મુખ્યતા આપવાની નથી, પણ ભાષાક્ષેત્રમાં એનું કેવું સ્થાન છે? કયું સ્થાન છે? તે બતાવવાની જરૂર છે, અને એ બતાવવાને અંગે જૈનેતર સાહિત્યકારોએ બતાવેલી ઉપેક્ષા અને જૈન સાહિત્ય સેવકોએ કરેલો પ્રમાદ આખા 'સાહિત્યક્ષેત્ર'ને કેટલો હાનિ કરનારો છે, એ બતાવાય તો સાહિત્ય પરિષદ્‌માં અમુક સ્થાનેથી બતાવાયલી અસહિષ્ણુતા દૂર થાય અને સાહિત્યનો સર્વ દિશાએ ઉત્કર્ષ થાય એમ લાગે છે.

એ વાત સ્પષ્ટ કરવા માટે જૈનસાહિત્યની ધર્મની બાજુને મુખ્ય સ્થાન ન અપાય તે ખરું છે અને સાહિત્યપરિષદ્ અમુક ધર્મવાળાની ન હોય ત્યાં એ વાત હોય પણ નહિ તેથી તે યોગ્યજ છે, પણ સાહિત્ય વિષયની વિચારણાના અંતરમાં ધર્મભાવના આવી જાય તો તે દૂર કરી શકાતી નથી. ગુજરાતી સાહિત્યકારોને અંગે જોઇએ તો પ્રેમાનંદ કે નરસિંહ મહેતા, દયારામ કે સામળભટ્ટ, અખો કે ભોજો ધર્મસાહિત્યપર ઘણું લખી ગયા છે, પરંતુ સાહિત્ય પરિષદે તેમનાપર વિચારણા ભાષાશાસ્ત્રની નજરે કરવાની છે, એ વાત જો સ્વીકાર્ય ગણાય તો પછી જૈન સાહિત્યને સાહિત્ય પરિષદ્‌માં સ્થાન મળવાની બાબતમાં મતભેદ ઉભો થઈ શકતોજ નથી. કદાચ કોઇને શંકા રહેતી હોય તો નીચેની બાબતો વાંચવાથી શંકાનું સહજ સ્થાન પણ દૂર થશે એવી મારી માન્યતા છે. સહાનુભાવ દૃષ્ટિએ–સાપેક્ષ નજરે–પ્રેમ ભાવે–સાહિત્યકારની વિશાળ નજરે આ વિચારો ગુજરાતી ભાષાના સેવકોએ વિચારવા નમ્ર વિજ્ઞપ્તિ છે. દરેક મુદ્દા તપાસવા ભાષાની નજરે જરૂરી છે, ભાષાના ઉત્કર્ષ માટે ઉપયોગી છે અને તેનો તિરસ્કાર કરવામાં આખા સાહિત્યના વિશાળ અર્થને મહાન્ ક્ષતિ છે તે જોઇ શકાશે.

એક જૈનોનું **રાસાઓનું** સાહિત્યજ તપાસીએ. તેરમા સૈકાથી ઓગણીશમા સૈકાની આખર સુધી જૈન સાધુઓ અને જૈન કવિઓ રાસાઓ લખતા આવ્યા છે. રાસા એટલે રસકાવ્યો. એ ઘણે ભાગે 'દેશી' અથવા ઢાળમાં હોય છે. આખા રાસામાં એક મુખ્ય વિષય હોય છે. દાખલા તરીકે દાન, બ્રહ્મચર્ય, તપ, સત્ય, સંસારની સ્થિતિ, વિવેક વિગેરે. એ પ્રત્યેકમાંનો એક વિષય લઇ તેનાપર દૃષ્ટાંતકથા કાવ્યમાં આપેલી હોય છે. પ્રત્યેક ઢાળ અથવા દેશીની પહેલાં દુહા હોય છે, કથામાં આડકથા કે અંતરકથાઓ હોય છે, પ્રત્યેક દેશીને પ્રેમાનંદના 'કડવા' સાથે સરખાવવા યોગ્ય છે, આખી કથા લગભગ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



romance કે મહાકથા જેવી હોય છે અને અદ્ભુત વર્ણનોથી ભરપૂર હોય છે. એમાં ઋતુવર્ણન કે સ્થાનવર્ણનનો પાર નથી, ભવ્યતા અને સૌંદર્યના દાખલાઓ સ્થાને સ્થાને પથરાયલા હોય છે અને કાવ્યના ચમકારા લગભગ દરેકમાં હોય છે. દરેક રાસની પછવાડે કર્તાનું નામ, સંવત્, સ્થાન અને કર્તાની ગુરૂપરંપરાની પ્રશસ્તિ વિસ્તારથી આપેલ હોય છે. આવી રીતે રાસાઓ કાવ્ય અને ઇતિહાસ, નવલકથા અને મહાકથાના નમુના પૂરા પાડે છે. એની સંખ્યાનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. અત્યાર સુધીની શોધખોળ ને સરવાળે રાસાઓ છપાવવામાં આવે તો 'પ્રાચિન કાવ્યમાળા' જેટલા ઓછામાં ઓછા ૨૫૦ અઢીસો ગ્રંથો થાય. એની યાદીઓ શ્રીયુત મનસુખલાલ કીરતચંદ મહેતા અને શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ પ્રગટ કરી છે તે વાંચવા વિચારવા યોગ્ય છે.

આમાં સાહિત્યની નજરે બહુ ઉપયોગી બાબતો ભરેલી છે. પ્રત્યેક સૈકામાં ભાષા કેટલી ફરતી ગઇ છે, એના અત્યારના સ્વરૂપે આવવા પહેલાં એણે કેટલાં સ્વાંગો ધારણ કરેલાં છે, એની જોડણીને અંગે અસલ શબ્દ સ્થિત્યંતર થતાં કેવા કેવા રૂપમાં ફરતો ચાલ્યો છે એનું વિપુળ સાહિત્ય જૈનરાસાઓ સદીવાર બતાવી શકે એમ છે. એમ કરવા જતાં કોઇને આપણે આદિ કવિ માન્યા હોય તેનું સ્થાન ફરી જાય તો તેથી ભય પામવાનું કારણ નથી, શોધખોળ એ એવી ચીજ છે કે એમાં વધારે વધારે ઉંડા ઉતરતા જઇએ તેમ વધારે સત્ય મળે. એ સત્ય આપણને પસંદ છે કે નહિ તે દૃષ્ટિએ સત્યની શોધ ઇષ્ટ નથી, પરંતુ એ શોધખોળથી આખા સાહિત્યક્ષેત્રમાં ઘણો પ્રકાશ પડે તેમ છે, એ સાહિત્યના ઉપાસકોએ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે.

એ ઉપરાંત ઇતિહાસનો ઉપયોગી ભાગ જૈન રાસાઓમાં ભરેલો છે. કેટલાક રાસો તો ખુદ ઇતિહાસના ગ્રંથોજ છે. કેટલીક વાર જૈન રાજાઓ, જૈન મંત્રીઓ, જૈન કવિઓ અને જૈન આચાર્યોનાં ચરિત્રો તેમાં આવે છે અને તે વાંચવાથી તે સમયની આજુબાજુની પરિસ્થિતિનું પૂરતું ભાન થાય છે. કેટલાક નહિ ઉકેલાયલા કોયડાના ઉકેલ આ રાસા સાહિત્યમાં ભરેલ છે. તે દૃષ્ટિએ સાહિત્યસેવકોએ એનો વિસ્તાર સમજવો અને એનો લાભ લેવો ઉચિત છે. જ્યાં સુધી એનો ઉંડો અભ્યાસ નહિ થાય ત્યાં સુધી ભાષાનો ઇતિહાસ લખી શકાશે નહિ, લખાશે તો તે તદ્દન અપૂર્ણ રહેશે એમ કહેવામાં જરા પણ સંદેહ થતો નથી. રાસાઓના સાહિત્ય ઉપરાંત જૈન પદ્ય સાહિત્યમાં નીચેની બાબતો ધ્યાન ખેંચનારી છે.

૧ સ્તવનો—સાદા અર્થમાં એને સ્તુતિ કહેવાય, ભજન પણ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોવીશીઓ, વીશીઓ અને પ્રકીર્ણ સ્તવનોનો સંગ્રહ થાય તો ઓછામાં ઓછા 'પ્રાચીન કાવ્યમાળા' ના ૪૦ પુસ્તક જેટલો થાય.

૨ **સઝાયો**—સ્વાધ્યાય-આંતર વિચારણાની ભાવનાઓ. કોઇ વાર કોઇના જીવન ચરિત્રો સાથે અને કોઇ વાર સ્થૂળ ઉપદેશ રૂપે હૃદયને અંદર અસર કરે તેવી ભાષામાં અને બહુધા 'દેશી' ગરબાના રાગમાં હોય છે. એનું સાહિત્ય પણ લગભગ સ્તવનો જેટલું છે.

દરેક સ્તવન અને સઝાયમાં કર્ત્તા પોતાનું નામ છેવટે આવે એવો આચાર પ્રથમથી છે, સંવત્ અગર બીજો ઇતિહાસ એમાં કવચિતજ હોય છે.

૩ **ચૈત્યવંદન**—ટુંકા, ઘણાખરા દેશી રાગોમાં, માલિનિ છંદમાં અથવા અન્ય ચાલુ વૃતમાં હોય છે. બહુ ભાવવાહી હોય છે. તીર્થંકરના ગુણગ્રામ તેમાં પ્રાધાન્ય ભોગવે છે. ઘણે ભાગે તો દુહા ચોપાઇજ હોય છે.

૪ **સ્તુતિ**—એને ભાષામાં 'થોઇ' કહેવામાં આવે છે. એ ઘણું ખરૂં ચાર ચારના જોડલામાં હોય છે. પ્રથમમાં એક તીર્થંકરની પ્રાર્થના, બીજામાં ચોવીશની, ત્રીજામાં જ્ઞાનનું મહત્વ અને ચોથામાં દેવદેવીની પ્રશંસા હોય છે. આ સાહિત્ય પણ ઘણું છે.

૫ **સવૈયા, પ્રભાતીઆ, છંદો, દુહાઓ, ચોપાઇઓ, વ્યાખ્યાનો, ધોળો.** આ ઉપદેશક વિભાગ છે. અત્યંત મનરંજન કરનાર અને આત્માની ઉન્નતિ કરનાર, હૃદયને સીધો ઉપદેશ કરનાર વિભાગ છે. એમાં બહુ આનંદ આવે તેમ છે. સાહિત્યની નજરે એમાં કરૂણા અને શાંતરસની રેલમછેલ હોય છે. આ સાહિત્ય પણ ઘણું છે.

૬ **ગહુંળીઓ**—સ્ત્રીઓએ ગાવાની, ગુરૂમહિમા બતાવનારી અર્થ ચમત્કારથી ભરપૂર હોય છે.

૭ **પદો**—આનંદઘન, ચિદાનંદ અને યશોવિજયજી, જ્ઞાનવિમળસૂરિ, વિનયવિજયજી આદિના અનેક પદો જુના સાહિત્યમાં મોજુદ છે. કાઠિયાવાડના લોકગીતનો આનંદ અનુભવનારાઓએ આ અતિ નિર્મળ અને પવિત્ર સાહિત્ય અવલોકવા જેવું છે. એકવાર સાંભળ્યા પછી એનો ગુંજારવ કાનમાંથી જાય તેમ નથી. એમાં જૈન ધર્મની વાતોની મુખ્યતા હોતી નથી, વૈરાગ્યની મુખ્યતા હોય છે. કબીરના પદ સાંભળે તે તેટલાજ રસથી આનંદઘનને સાંભળી શકે તેમ છે. આ સાહિત્ય પણ ઘણું વિશાળ છે.

૮ **પૂજાઓ**—આ ઘણું વિશાળ ક્ષેત્ર છે. સાહિત્યના રસથી ભરપૂર છે, કાવ્યના-કવિતાના નમુના છે. પંડિત વીરવિજયજી જેવાની એકાદ પૂજા સાંભળી હોય તો રસિક સાહિત્યકારને ડોલાવે તેવી છે.

For Private And Personal Use Only

પદ્ય સાહિત્યના આટલા મુખ્ય મુદ્દાઓ કહ્યા. ક્રમસર તે તેરમા સૈકાથી લખાતું આવ્યું છે અને લોકરૂચિ તે તરફ ઢળતાં તે અવિચ્છિન્નપણે વધતું આવ્યું છે. એમાં આંતર પડ્યા વગરનો ઇતિહાસ મળી શકે તેમ છે, એમાં રસના નમુનાઓ ભરપૂર છે, કાવ્યના ચમકારા છે, પદલાલિત્યો ઠેકાણે ઠેકાણે છે અને નવે રસો અને દશમો શાંતરસ છવાઈ રહેલો છે. એમાં ઇતિહાસ છે, ભૂગોળ છે, કથા છે, ગણિત છે, વિજ્ઞાન છે અને Romance છે. સામાન્ય પ્રાકૃત વાંચનારને તેમાં રસ પડે તેમ છે અને વિદ્વાનને પણ તેમાંથી રસ મળે તેમ છે. દરેક વિકાસક્રમના અધિકારીને એ સાહિત્ય માત્ર સાહિત્યની નજરે, નીતિના સૂત્રોને હિસાબે પણ મજા આપે તેમ છે, ગમત સાથે જ્ઞાન આપે તેમ છે અને વિનોદ સાથે રસ ઉત્પન્ન કરે તેમ છે.

આ સર્વ ગુજરાતી જૈન પદ્ય સાહિત્ય એકઠું કરવામાં આવે તો ઓછામાં ઓછા લગભગ ૪૦૦ પ્રાચિન કાવ્યમાળા જેટલા ગ્રંથો થાય, એક આખો કપાટ બહુ સહેલાઇથી ભરાય.

કોઇ પણ સાહિત્યસેવક આટલા વિશાળ સાહિત્યની અવગણના કરી શકે? સાહિત્યનો ઇતિહાસ સાચો જાણવાનું એક પ્રબળ અંગ વિસારી શકે? ધૃષ્ટતા વગર કહી શકાય તેમ છે કે ઇતિહાસનું આ માત્ર એક અંગજ છે, એના વગર ઇતિહાસ થઇ શકે તેમજ નથી, થાય તો પરિપૂર્ણ કે સાચો થઇ શકે તેમ નથી. તો આ સાહિત્યનું આખું અંગ વિસારી મૂકી શકાય તેમ છે ખરૂં?

અને તે વિસાર્યું છે તે નિર્વિવાદ છે. અત્યાર સુધીના ઉલ્લેખોમાં તેની તરફ ઘણી ઉપેક્ષા રહી છે. આ વર્ષના પ્રમુખશ્રીના ભાષણમાં પણ તેનો નહિ જેવો ઉલ્લેખ છે, અગાઉના ભાષણોમાં અને લેખોમાં તેને લગભગ તદ્દન વિસારવામાં આવ્યું છે. સાક્ષરોએ સાહિત્યના યુગો પાડ્યા તે પણ જૈન સાહિત્યને વિસારીનેજ પાડ્યા છે. આનું પરિણામ જનોને અન્યાય કરનારૂં છે, તે કરતાં સમસ્ત સાહિત્યને ઓછું નુકસાન કરનારૂં નથી. અલ્પ અભ્યાસે કે વિનાઅભ્યાસે બાંધેલા નિર્ણયો પાછા ફેરવવા પડશે, ટીકાને પાત્ર થશે અને કરેલ પ્રયાસ નકામો અથવા અલ્પ મૂલ્યવાળો થશે. આથી આખા સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં જેણે જેણે જેટલો જેટલો ફાળો આપ્યો હોય તેને યોગ્ય સ્થાન મળવું જોઇએ. એ સરસ્વતીમંદિરના વાસભુવનમાં કોમનો કે ધર્મનો ભેદ ન હોવો જોઇએ. કાંઇ નહિ તો સર્વદેશીયતા લાવવા ખાતર એ સાહિત્યક્ષેત્રને ચોતરફથી સમૃદ્ધ બનાવવું જોઇએ અને એમાં અત્યાર સુધીના મંતવ્યો દૂર મૂકવા પડે તો મૂકીને પણ સત્યને પ્રથમ સ્થાન આપવામાં આંચકો ખાવો ન જોઇએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યાર સુધીનો સાહિત્ય પરિષદ્નો ઇતિહાસ સર્વદેશીયતાને અંગે અસંતોષકારક લાગવાથી આ વખતે કોઇ જૈન વક્તા ટીકા કરી ગયેલ હોય તો તે જે હેતુ અને ઉદ્દેશથી થઇ હતી તે સમજવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. એને બદલે અમુક સાહિત્ય વિભાગપર આક્ષેપ કરવામાં આવશે તો અત્યાર સુધી રહેલી વિકળતા હજુ વધારે આગળ ચાલશે અને અપૂર્ણતા ચાલુ રહેશે.

આ સંબંધમાં આપણા જૈન બંધુઓને પણ કર્તવ્ય પ્રાપ્ત થાય છે. અત્યાર સુધીમાં આપણે કેટલુંક જૈનસાહિત્ય છપાવ્યું છે તેમાં જૈનેતર સાહિત્યકારોની મુશ્કેલીનો ખ્યાલ કર્યો નથી. કેટલાક પારિભાષિક શબ્દો, પ્રાકૃત શબ્દો અને રચનાના વિસ્તારપર ઝીણવટથી નોટો તથા ઉપોદ્ઘાતો લખાય નહિ ત્યાં સુધી જૈનસાહિત્ય સાર્વત્રિક રૂચિકર થાય નહિ. એ વાત લક્ષ્યમાં રહેવી જોઇએ.

હાલ તુરતમાં 'જૈન સાહિત્યમાં અન્ય વિદ્વાનોને રસ પડે એવી રસમય ચુંટણી કરી એક બસો અઢીસો પૃષ્ઠનો ગ્રંથ તરતમાં બહાર પાડવાની જરૂર છે' એવી. ગી. ખબરદારે સૂચના કરી છે અને તે માનનીય લાગે છે. એવું કેટલુંક સાહિત્ય પ્રાચીન ભાષામાં નોટ વિવેચન સાથે પ્રકટ થશે ત્યારે જૈન સાહિત્યમાં અન્ય વિદ્વાનોને જરૂર રસ પડશે. આ પણ આપણું કર્તવ્ય આજ આપણને પ્રાપ્ત થાય છે. આપણો ઉમદા ખજાનો નાશ પામતો જાય છે; અસ્તવ્યસ્ત પડી રહે છે, ઉપેક્ષિત રહે છે, તેને પ્રકાશમાં આણવાથી આપણી શક્તિઓનો સદુપયોગ થશે અને આપણી ઇચ્છાને યોગ્ય સ્થાન મળશે. આ સંબંધમાં પ્રતિભાશાળી વિદ્વાનો ઘણું કરી શકે તેમ છે, રસ જમાવવો અને રસ ખીલાવવો એ આપણું કર્તવ્ય છે. બાકી વર્તમાન સ્થિતિએ આપણું સાહિત્ય રહે તો નવીન કાળના વાંચનારા તેમાં રસ લે તેમ નથી. તેઓનો રસ નવલકથા અને નાટકોમાં છે, સાધારણ જોડકણાં અને નવીન શૈલીના કાવ્યોમાં છે, તેઓને પ્રાચીન કવિઓની પ્રસાદી ચખાડી જાગૃત કરવાનું કાર્ય હાલ કરવામાં આવશે તો પછી તેઓજ શોધખોળમાં પડી જશે અને આપણે અત્યારે જેનું જોતા જાણતા નથી તેવું બહાર આવશે. ચાલુ પરિષદ્નું કાર્ય જોયા પછી આટલા વિચારો ઉદ્ભવ્યા તે અહીં લખી નાખ્યા છે. જૈન અને જૈનેતર વિદ્વાનો સાહિત્યની નજરે આ પ્રશ્નનો ઉકેલ કરશે એટલી અંતર ઇચ્છા છે. ભવિષ્યની પરિષદ્માં આ વખતે જૈન લેખો તરફ તરવરી આવેલી અક્ષમ્ય વૃત્તિને ફરી ઉઠવા ન દેવાનો પ્રકાર બન્ને કક્ષાના સાહિત્યરસિકોના હાથમાં છે એમ મને ચોક્કસ લાગે છે; એક વર્ગે જરા નીચે ઉતરવું પડશે, બીજે ઉંચે ચઢવું પડશે. બંને નજીક આવતાં સત્ય રહસ્યના પડદા ખુલી જશે અને સૌરભ ચોતરફ પ્રસરી અરસપરસ લાભકર્ત્તા થઇ પડશે.

મૌક્તિક.

---

For Private And Personal Use Only

## पुस्तकोंकी पहोंच.

## श्री पुंडरीकस्वामी चरित्र मूळ.

( १३ चित्रो सहित कि. रु. १० )

આ ચરિત્ર શ્રી રત્નપ્રભસૂરિ શિષ્ય શ્રી કમળપ્રભસૂરિએ સંવત ૧૩૭૨ માં શ્લોકોમાં રચેલું છે. અનેક પ્રકારના કાવ્યોવાળા આઠ સર્ગને છેવટ સમાપ્તિ કરેલી છે. દરેક સર્ગમાં જુદી જુદી ઘણી હકીકતો સમાવેલી છે. પંડિત ગીરધરદાસ પાસે શુદ્ધ કરાવેલ છે. ભાવનગર–' શારદા વિજય ' પ્રેસમાં છપાવેલું છે. પ્રતાકારે પૃષ્ટ ૩૧૨ છે, અંદર ૧૩ ચિત્રો આપેલા છે. સંસ્કૃતના અભ્યાસીને ખાસ વાંચવા લાયક છે, શત્રુંજયનો મહિમા સારો બતાવ્યો છે. મહાકાવ્ય છે. કિંમત. રૂા. ૧૦) રાખવામાં આવેલી છે. પ્રકાશક ભાવનગર નિવાસી સંઘવી. મોહનલાલ ગીરધરલાલ છે.

## શ્રી પુંડરીક સ્વામી ચરિત્ર ભાષાંતર.

૧૩ ચિત્રો સહિત કિં. રૂા. ૫)

આ ભાષાંતર પણ ઉપર જણાવેલ સંઘવી. મોહનલાલેજ છપાવેલ છે. ભાષાંતર તેમના વડીલ. બંધુ ડાહ્યાલાલ ગીરધરલાલે કરેલું છે. મૂળ ચરિત્ર ઘણું કઠિન છે. ભાષાંતર બની શકે તેટલું સરલ કરવા કોશિષ કરેલ છે. તે ખાસ વાંચવા લાયક થયું છે. આઠે સર્ગમાં ઘણી હકીકતો સમાવેલી છે. શાહ કુંવરજી આણંદજીને અર્પણ કરેલ છે, તેમનો લેખન સમયનો ફોટો આપેલો છે. ભાષાંતર તેમણે વાંચી શુદ્ધ કરી આપેલું છે. કિંમત રૂા. ૫) વધારે જણાય તેમ છે. પરંતુ બુક જોતાં ને પ્રયાસ જોતાં બહુ વધારે લાગે તેમ નથી.

ઉપર જણાવેલ મૂળને અને ભાષાંતરને શારદાવિજય ગ્રંથમાળા નંબર ૨–૩ આપેલ છે.

---

## એક સભાસદનું ખેદકારક મૃત્યુ.

**શાહ. હરજીવન પુરૂષોત્તમ.** ભાવનગરનિવાસી બંધુ ચૈત્ર શુદ ૫ ને ૫૭ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. પાછલા વખતમાં શરીર વ્યાધિગ્રસ્ત થયું હતું, પરંતુ ધર્મશ્રદ્ધામાં દૃઢ રહ્યા હતા. સભાના મૂળ સ્થાપકોમાંથી તે એક હતા. શ્રી જૈન ધર્મ પ્રકાશનો પહેલો અંક છપાવવા તેઓ જાતે અમદાવાદ ગયા હતા. એમને સંતાનમાં માત્ર બે પુત્રીઓજ છે. તે સારે સ્થાને આપેલી છે. એમનો અભાવ થવાથી સભાને એક ઉપયોગી સભાસદની ખામી પડી છે. અમે એમની વિધવાને તેમજ તેમની પુત્રી વિગેરે સંબંધીઓને અંતઃકરણથી દિલાસો આપીએ છીએ–એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે.

## શ્રી મુનિસુંદર સૂરિકૃત–
## શ્રી अध्यात्म कल्पद्रुम.

આવૃત્તિ ત્રીજી.

અધ્યાત્મ શબ્દ પર નોટ, સૂરિમહારાજનું ચરિત્ર અને સમતા આદિ સોળ અધિકારપર વિવેચન કર્ત્તા–મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ–સોલીસીટર. આ ગ્રંથ અમારા તરફથી ફરીવાર મુંબઈ નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યો છે.

કિંમત. ૨–૮–૦ પોસ્ટેજ રૂ. ૦–૮–૦

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી૨૪.

કિંમત ત્રણ રૂપીઆ.

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની અંદર સહાય બીલકુલ મળેલી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને અને સાધ્વીજીને ભેટ અપાયેલ છે, જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં અમે નિરૂપાય છીએ. લાઈફ મેમ્બરનો કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

## શારદાવિજય ગ્રંથમાળા તરફથી બહાર પડેલી નીચેની બુકો અમારે ત્યાંથી મળી શકશે.

પુંડરીક ચરિત્ર મહા કાવ્ય. સંસ્કૃત. ૧૩ ચિત્રો સાથે. મૂળ કિંમત રૂ. ૧૦)
પુંડરીક ચરિત્ર ભાષાંતર. ૧૩ ચિત્રો સાથે. કિંમત રૂ. ૫)
ઉવસગ્ગહર સ્તોત્ર લઘુવૃત્તિ. પ્રિયંકર નૃપ કથા, સાથે. મૂળ. સંસ્કૃત. કિંમત રૂ. ૩)

પુંડરીક ચરિત્ર મૂળ તથા ભાષાંતરની એક સાથે દશ નકલ ખરીદનારને કમીશન ટકા વીશ મળશે. સાધુ મુનિરાજ વાસ્તે તથા ભંડાર વાસ્તે એક નકલ મંગાવનારને તેમજ જૈન ધર્મ પ્રકાશના મેમ્બરોને પણ મૂળ કિંમત કરતાં રૂ. ૧) ઓછો લઈને આપવામાં આવશે.

## ભૂલનો સુધારો.

પુ–૩૯ અંક ૧૧ પૃષ્ઠ ૩૪૯ નીછેલી પંક્તિમાં 'આપણામાં એકજ કલંકી થશે ' એમ લખ્યું છે તે બરાબર નથી; આપણામાં પણ ઘણા કલંકી થશે એમ લખેલ છે.

પુ–૩૯ અંક ૧૨ પૃષ્ઠ ૩૭૯ પંક્તિ ૨૦ મીમાં 'અહિંસા વિગેરેના ત્યાગરૂપ ધર્મ બતાવેલ છે' એમ લખ્યું છે, ત્યાં 'હિંસા વિગેરેના ત્યાગરૂપ' સમજવું. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો. સ્થંભ ૪—વ્યાખ્યાન૬૧
આની બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ. ૨) રાખેલ છે.

શ્રી ચિત્રચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર.
[અષ્ટપ્રકારી પૂજા ઉપર ૮ કથા યુક્ત]
આ બુકની પણ બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ ૦—૮—૦

નીચે જણાવેલી બુકો પણ અમારે ત્યાં મળશે.
ભાવનગર-જૈન સસ્તી વાંચનમાળાની.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી મહાવીર પરમાત્માના દશ શ્રાવકો | ૧—૪—૦ |
| ૨ | શ્રી કુમારપાળ મહારાજા અને હેમચંદ્રાચાર્ય | ૧—૪—૦ |
| ૩ | શ્રી મુક્તિમાર્ગ દર્શક—શક્તિમાળા | ૦—૮—૦ |
| ૪ | શ્રી ચંદનબાળા મહાસતીનું ચરિત્ર | ૦—૩—૦ |

૫ શ્રી અભયકુમાર મંત્રીશ્વરનું ચરિત્ર. વિભાગ ૨ જો
લેખક ને પ્રકાશક શા. મોતીચંદ ઓધવજી—ભાવનગર. કિંમત રૂ ૩)

શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે તૈયાર કરી છપાવેલ

૬ સંસ્કૃત સ્વયંશિક્ષક કિંમત રૂા. ૧—૪—૦

આ છએ બુકો દશ અથવા વધારે મંગાવશે તેમને યોગ્ય કમીશન આપવામાં આવશે. તંત્રી

બાળકોના વાંચવા માટે સારા સારા ચરિત્રો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જય વિજય કથા. | ૦—૩—૦ | ૨ | કળાવતી વિગેરેની કથા. | ૦—૩—૦ |
| ૩ | શુકરાજ ચરિત્ર. | ૦—૪—૦ | ૪ | સરસ્વતી વિગેરેની કથા. | ૦—૪—૦ |
| ૫ | સુરપાળ વિગેરેની કથા. | ૦—૩—૦ | ૬ | યશોધર ચરિત્ર | ૦—૬—૦ |
| ૭ | બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦—૪—૦ | ૮ | છ મોટી કથા. | ૦—૩—૦ |
| ૯ | તેર કાઠીયાની કથા. | ૦—૩—૦ | ૧૦ | ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦—૩—૦ |
| ૧૧ | રતિસાર ચરિત્ર. | ૦—૩—૦ | ૧૨ | વત્સરાજ ચરિત્ર. | ૦—૩—૦ |
| ૧૩ | નળ દમયંતી ચરિત્ર | ૦—૩—૦ | ૧૪ | સ્થૂળભદ્ર ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૫ | સુરસુંદરી ચરિત્ર. | ૦—૩—૦ | ૧૬ | ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦—૬—૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only